અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ અમાસ | અંક : ૭૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




## ભારત-પાકિસ્તાન વચ્ચે આજે અમદાવાદમાં વર્લ્ડ કપનો જંગ

### સ્ટાર કલાકારોના ૧૨.૩૦એ લાઈવ પરફોર્મન્સ બાદ બે વાગ્યાથી મેચ શરૂ થશેઃ ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહનો માહોલ, ગિલના રમવાની શક્યતા

। અમદાવાદ, તા.૧૩ ।

૧૪ ઓક્ટોબર શનિવારે વર્લ્ડ કપ મેચ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચે રસાકસીભરી મેચ રમાશે. જેના માટે શુક્રવારે પાકિસ્તાન અને ભારતીય ટીમે જોરદાર પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. આ સમયે પાકિસ્તાનનો માસ્ટર બોલિંગ પ્લાન લીક થયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે નેટ્સમાં મોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ સમયે પાકિસ્તાની ટીમે સ્પોટ બોલિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેવામાં ભારતીય બેટ્સમેન ઘણીવાર વિક ઝોનમાં પોતાની વિકેટ થ્રો કરતા હોય છે એના પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. તો ભારતનો વળતો પ્લાન શું હશે એના પર પણ આપણે નજર કરીએ. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પાકિસ્તાનનો પ્લાન લીક થઈ ગયો છે. તેમણે આ દરમિયાન સ્પોટ બોલિંગ કરીને વિરાટ, રોહિત શર્મા સામે પડકાર ફેંકવાનું નક્કી કર્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સ્પિન બોલિંગથી લઈ ફાસ્ટ બોલર્સે માત્ર વિક ઝોન હોય તેવા સ્પોટ પર જ ટાર્ગેટ કરવા માટે તૈયારીઓ કરી છે. એટલું જ નહીં સ્પિનર્સને પ્રેક્ટિસ કરાવવા માટે બોલિંગ કોચ મોર્ને મોર્કલે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એક ટપ્પો સેટ કરી એમાં જ પિચ થાય બોલ એની પ્રેક્ટિસ પાકિસ્તાની ટીમે કરી હતી. ફાસ્ટ બોલર હોય કે સ્પીનર્સ તેમને સૌથી વધારે ઓફ સાઈડ અને મીડલ ઓફ લેન્થ પર બોલ કરવા માટે પ્રેક્ટિસ કરાવાઈ હતી. આ સમયગાળા દરમિયાન ફિલ્ડ સેટઅપ કેવી રીતે કરવું અને ભારતીય બેટ્સમેનનાં સ્ટ્રોંગ ઝોનને ધ્યાનમાં રાખી ટ્રેનિંગ શરૂ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે વનડે વર્લ્ડ કપના ઈતિહાસ પર નજર કરો તો ભારત અને પાકિસ્તાન મેચમાં ટીમ ઈન્ડિયાનું પલડું ભારે છે. અત્યારસુધી વનડે વર્લ્ડ કપની જેટલી પણ મેચ થઈ છે એમાં ભારતીય ટીમનું સ્થાન આગવું હતું. ભારતીય ટીમ જીતના આ ટ્રેક રેકોર્ડને કાયમી રાખવા માટે પાકિસ્તાન સામે ઉતરશે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે શુભમન ગિલ ભારતીય ટીમના અન્ય ખેલાડીઓ કરતા પહેલા જ અમદાવાદ આવી પહોંચ્યો હતો. જ્યાં તેણે નેટ્સમાં પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. અહીં તેણે લગભગ ૧ કલાક નેટ બોલર્સ સામે બેટિંગ કરી અને પછી કેચિંગ પ્રેક્ટિસ કરવા માટે ગયો હતો. આ સમયે ગિલને અશક્તિ પણ નહોતી લાગી કે પ્રોપર સેશનમાં ભાગ લીધો હતો. જોકે તે પાકિસ્તાન સામેની મેચમાં પ્લેઈંગ-૧૧માં હશે કે કેમ એ સસ્પેન્સ છે પરંતુ નિષ્ણાંતો જણાવી રહ્યા છે કે મોટાભાગે ગિલના રમવાના ચાન્સ લાગી રહ્યા છે. જોકે આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ઈન્ડિયન ટીમ જ્યારે હોટેલ પહોંચી ત્યારે દરેક ખેલાડીઓનું સાલ અને તિલક લગાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમયે હાર્દિક પંડ્યા તેમના પુત્ર અગત્સ્ય સાથે બસમાંથી નીચે ઉતર્યા હતા. એટલું જ નહીં વિરાટ કોહલી અને કેએલ રાહુલનું પણ ભવ્ય સ્વાગત થયું હતું. ઈન્ડિયન ટીમે ફિલ્ડિંગ અને બેટિંગ પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું હતું અને ત્યારપછી હવે મેચ પહેલા રણનીતિને અંતિમ ઓપ અપાઈ રહ્યા છે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં એક દશકા કરતા વધુ સમયથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થવા જઈ રહી છે એના માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે.

### ન્યૂઝ બ્રિફ

#### અજિત પવાર ક્યારેક મહારાષ્ટ્રના મુખ્યમંત્રી નહીં બની શકે : શરદ પવાર



। મુંબઈ, તા.૧૩ ।

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના અધ્યક્ષ શરદ પવારે કહ્યું કે પાર્ટીના બળવાખોર નેતા અજિત પવાર ક્યારેય મહારાષ્ટ્રના મુખ્યમંત્રી નહીં બની શકે. પત્રકારો સાથે વાત કરતાં તેમણે એમ પણ કહ્યું કે ભાજપ દેશના ૭૦ ટકા રાજ્યોમાં સત્તામાં નથી અને તે મહારાષ્ટ્રમાં પણ સત્તા ગુમાવશે. એ અટકળો વિશે પૂછવામાં આવતા કે એનસીપી તોડીને શિવસેના-ભાજપ સરકારમાં સામેલ થયા બાદ ઉપમુખ્યમંત્રી બની ચૂકેલા અજિત પવારને જલદી જ રાજ્યમાં ટોચનું પદ મળશે તો તેના પર શરદ પવારે કહ્યું કે અજિત પવાર મુખ્યમંત્રી બનશે પણ સપનામાં.

### ભાવુક થયેલા લોકોએ કહ્યું, થેન્ક યુ મોદીજી

## ઈઝરાયેલથી ૨૧૨ ભારતીયોને લઈને દિલ્હી આવ્યું વિમાન!

### અમને ઈઝરાયેલથી સુરક્ષિત રીતે ભારતમાં લાવવા માટે આ ઓપરેશન માટે હું ભારત સરકાર અને ભારતના વિદેશ મંત્રાલયનો આભાર માનું છું

। નવી દિલ્હી, તા.૧૩ ।

ઈઝરાયેલમાં ફસાયેલા ભારતીયોને બચાવવા માટે ભારત સરકારે ઓપરેશન અજય શરૂ કર્યું છે. ઈઝરાયલના તેલ અવીવ એરપોર્ટથી ૨૧૨ ભારતીયોને લઈને પ્રથમ ચાર્ટર ફ્લાઈટ આજે સવારે દિલ્હી એરપોર્ટ પહોંચી હતી. કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લોકોનું સ્વાગત કર્યું હતું અને તેમનાં ખબર-અંતર પણ પૂછ્યા હતા. ગયા ગુરુવારે, ૨૧૨ ભારતીયોને લઈને એક વિશેષ વિમાન તેલ અવીવ એરપોર્ટથી રવાના થયું હતું, જે આજે સવારે દિલ્હીના IGI એરપોર્ટ પર પહોંચ્યું હતું. એક નિવેદન



જારી કરીને વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમારી પ્રાથમિકતા માત્ર એવા ભારતીયોને સુરક્ષિત રીતે પરત લાવવાની છે જેઓ પરત ફરવા માંગે છે. લોકોના પરત આવવા માટેની વિનંતીઓ મળતી રહે છે, તે મુજબ ફ્લાઈટ્સ શેડ્યૂલ કરવામાં આવશે. જોકે હાલમાં ચાર્ટર પ્લેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરંતુ તમામ વિકલ્પો ખુલ્લા છે. જરૂર પડ્યે ભારતીય વાયુસેનાની મદદની શક્યતા નકારી શકાય તેમ નથી. તમને જણાવી દઈએ કે ઈઝરાયેલમાં ૧૮ હજાર ભારતીયો હાજર છે. ઓપરેશન અજય હેઠળ ઈઝરાયલથી ભારત લાવવામાં આવેલા એક ભારતીય નાગરિકે જણાવ્યું હતું કે, "ઈઝરાયેલમાં યુદ્ધ શરૂ થયા બાદ, અમને ભારતમાંથી અમારા પરિવાર અને મિત્રોના ફોન આવવા લાગ્યા, દરેકને અમારી ચિંતા હતી. અમને ઈઝરાયેલથી સુરક્ષિત રીતે ભારતમાં લાવવા માટે આ ઓપરેશન માટે હું ભારત સરકાર અને ભારતના વિદેશ મંત્રાલયનો આભાર માનું છું. ઈઝરાયેલથી ભારત આવેલી સીમા બલસારાએ કહ્યું, "હું એર ઈન્ડિયા વતી તેલ અવીવમાં એરપોર્ટ મેનેજર તરીકે કામ કરતી હતી, હું છેલ્લા ૧૦ મહિનાથી ત્યાં હતી, અમને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. છેલ્લા ૪-૫ દિવસથી અહીં સ્થિતિ તંગ છે. અમે તે પરિસ્થિતિનો સામનો કર્યો અને હવે અમે અહીં છીએ.

### ઈઝરાયલ- હમાસના યુદ્ધ વચ્ચે વડાપ્રધાને આપ્યું મહત્વનું નિવેદન

## આતંકવાદ કોઈપણ કારણસર, કોઈપણ સ્વરૂપમાં, તે માનવતા વિરુદ્ધ છે : મોદી

। નવી દિલ્હી, તા.૧૩ ।



ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને શાંતિનો સંદેશ આપ્યો છે. નવી દિલ્હીમાં આયોજિત ૯મી P20 Summit ૨૦૨૩માં પીએમ મોદીએ કહ્યું કે, જે પણ થઈ રહ્યું છે તે દરેકને અસર કરશે. આ શાંતિ અને ભાઈચારાનો સમય છે. આતંકવાદ દુનિયા માટે પડકાર છે. જંગ કોઈના હિતમાં નથી.વિશ્વ આજે સંકટ સામે લડી રહ્યું છે. જે થઈ રહ્યું છે તે તેનાથી કોઈ અજાણ નથી, આ શાંતિનો સમય છે, બધાએ સાથે ચાલવુ જોઈએ. દુનિયાએ એક પરિવાર થઈને રહેવું જોઈએ. ભારત ઘણા વર્ષોથી સીમાપાર આતંકવાદનો સામનો કરી રહ્યું છે. લગભગ ૨૦ વર્ષ પહેલા આપણી સંસદનું સત્ર ચાલતું હતું ત્યારે આતંકવાદીઓએ તેને નિશાન બનાવ્યું હતું.

## ૨૦૧૪માં ફાંસીની સજા બાદ પટના હાઈકોર્ટે આરોપીને હવે નિર્દોષ જાહેર કર્યો

। પટના, તા.૧૩ ।

બિહારમાં સબૌર પોલીસે વર્ષ ૨૦૧૫માં એક વ્યક્તિ વિરુદ્ધ દુષ્કર્મ બાદ હત્યા કરવાના મામલે ફરિયાદ દાખલ કરી હતી. ૨૦૧૪માં એડિશનલ જજ ભાગલ પુરની અદાલતે આરોપીને દોષિત જાહેર કરી ફાંસીની સજા આપી હતી. ૨૦૧૮માં પટના હાઈકોર્ટે પણ સેશન્સ કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. જો કે હવે આ નિર્ણય બદલાઈ ગયો છે. પટના હાઈકોર્ટે કથિત રીતે ૧૧ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ કરી હત્યા કરવાના મામલે આરોપીને હવે નિર્દોષ જાહેર કર્યો છે. આ મામલે સબોર પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૫માં પ્રાથમિક ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં ૨ ફેબ્રુઆરી ૨૦૧૪માં એડિશનલ જજ ભાગલપુરની અદાલતે આરોપીને દોષિત જાહેર કરી ફાંસીની સજા આપી હતી. ૧૦ એપ્રિલ ૨૦૧૮ ના રોજ પટના હાઈકોર્ટે પણ સેશન્સ કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. ક્રિમિનલ અપીલ કેસ નંબર ૧૨૭૧/૨૦૧૮માં સુપ્રિમ કોર્ટ દ્વારા કહેવામાં આવ્યુ હતું કે, સેશન્સ કોર્ટ મુકબધિર બનીને ઉભી રહી અને તેના વચનો પ્રમાણે તેની પાસે કોઈ યોગ્ય જાણકારી નહોતી. જે મુન્ના પાંડેયને નિર્દોષતા દર્શાવતી હતી. સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા કહેવામાં આવ્યું કે, સાક્ષીઓએ ન્યાયાલયમાં સ્પષ્ટ રીતે પોતાના નિવેદનો બદલી નાખ્યા છે અને મુન્ના પાંડેયને પહેલીવાર સાક્ષીઓ દરમ્યાન ફસાવવામાં આવ્યા છે. જેથી સર્વોચ્ચ અદાલતે આ કેસ પટના હાઈકોર્ટને પ્રાથમિક જાણકારી મેળવવા માટે ફરી પરત મોકલ્યો હતો અને કલમ નંબર ૩૬૭ દંડ પ્રક્રિયા સંહિતા ૧૯૭૩ તથા કાયદા હેઠળ પોતાનો નિર્ણય આપવા માટે સુચનાઓ આપી હતી. ગુરુવારે અદાલતનાં જજ આશુતોષ કુમાર તથા જજ આલોક કુમાર પાંડેયની ખંડપીઠમાં મુન્ના પાન્ડેને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યો હતો. અદાલતે સાક્ષીઓના નિવેદનોમાં પરસ્પર વિરોધાભાસ જોવા મળતા આ નિર્ણય કર્યો હતો.



## ન્યુઝ બોક્ષ

### ગુટલી લડ્ડુ ફિલ્મને લઇને વાલ્મિકી સમાજનો વિરોધ

| અમદાવાદ, તા.૧૩ |

ગુટલી લડ્ડુ ફિલ્મને લઈને વિવાદ વકર્યો છે. વાલ્મિકી સમાજ વિરૂદ્ધ ગેરબંધારણીય અને બિનસંસદીય ભાષાના પ્રયોગ સામે કોર્ટમાં અરજી કરાઈ છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે સેન્સર બોર્ડને ૨૪ કલાકમાં ખુલાસો કરવા પણ નિર્દેશ કર્યો છે. ગેરબંધારણીય શબ્દો ફિલ્મ અને ટ્રેલરમાંથી પણ દૂર કરવા અરજીમાં માગ કરવામાં આવી છે. ચોક્કસ શબ્દપ્રયોગથી વાલ્મિકી સમાજના લોકોની લાગણી દુભાતી હોવાની રજૂઆત કરવામાં આવી છે. અત્રે જણાવીએ કે, આવતીકાલે ૧૩મી ઓક્ટોબરે ફિલ્મ રિલીઝ થવાની છે.

### અમદાવાદની જાણીતી મંગલમૂર્તિ મોબાઈલ માર્કેટમાં રેડ પડી

| અમદાવાદ, તા.૧૩ |

અમદાવાદની જાણીતી મંગલમૂર્તિ મોબાઈલ માર્કેટમા GST વિભાગના દરોડા પડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. GST વિભાગના અધિકારીઓ દ્વારા રેડ કરવામાં આવી હતી. રશિયન કવર હાઉસ નામની મોબાઈલ દુકાનમાં તપાસ અર્થે જીએસટીના અધિકારીઓ ત્રાટકયા હતા. આ દરમિયાન રશિયન કવર દુકાનના માલિક જીતુ ઉર્ફે રશિયન પણ હાજર રહ્યા હતા અને તેમની હાજરીમાં જ આ તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યા અધિકારીઓ દ્વારા દુકાનની અંદરનો તમામ સ્ટોક ગણવાની કાર્યવાહ ચાલુ કરાઈ હતી. મહત્વનું છે કે આ પેઢીમાંથી કોઈ વાંધાજનક વસ્તુ મામલે હજુ જીએસટીના અધિકારીઓ દ્વારા ફોડ પાડવામાં આવ્યો નથી. પરંતુ તપાસ બાદ સત્તાવાર રીતે વિગતો સામે આવી શકે છે.

### જુનાગઢના એપાર્ટમેન્ટમાં ધમધમતા કોલ સેન્ટર પર પોલીસે દરોડા પાડ્યા

| જૂનાગઢ, તા.૧૩ |

જુનાગઢના રહેણાંક વિસ્તારમાં એપાર્ટમેંટમાં ધમધમતા કોલ સેન્ટર પર પોલીસે દરોડા પાડ્યા છે. આ દરોડામાં આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટર હોવાનું સામે આવ્યું છે. ૧૨થી વધુ આરોપીની અટકાયત પણ કરવામાં આવી. કોલ સેન્ટરમાંથી યુવક અને યુવતીઓને ઝડપી લેવાઈ. લેપટોપ, કોમ્પ્યુટર, રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.જૂનાગઢમાં LCB ની ઓપરેશન સફળ થયું છે. જુનાગઢમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતા કોલ સેન્ટર પર પોલીસે દરોડા પાડ્યા હતા. આ દરોડા કેસમાં પોલીસે ૧૧થી વધુ આરોપીની અટકાયત કરી હતી. પોલીસે ઝડપેલા કોલ સેન્ટરમાં બાતમીના આધારે દરોડા પાડતા કેટલીક યુવતીઓ પણ હોવાનું સામે આવ્યું હતું.

### બનાવટી ઘીના સમગ્ર કેસનું થશે પોસ્ટ મોર્ટમ

# જતીન શાહે દુષ્યંત સોની પાસેથી નકલી ઘી ખરીદ્યું હોવાનું ખૂલ્યું

### દુષ્યંત સોની અંબાજી પોલીસ મથકે હાજર થતા પોલીસે દુષ્યંત સોનીની અટકાયત કરી તેની તપાસ હાથ ધરી છે

| બનાસકાંઠા, તા.૧૩ |

અંબાજીનાં મોહનથાળમાન નકલી ઘી સપ્લાય કરવા મામલે પોલીસ દ્વારા એક પછી એક ધરપકડ તેઓનો કોર્ટમાં રજૂ કરી તપાસ હાથ ધરી છે. ત્યારે નીલકંઠ ટ્રેડર્સનાં માલિક જતીન શાહે નકલી ઘી દુષ્યંત સોની પાસેથી ખરીદ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

અંબાજી પોલીસ દ્વારા દુષ્યંત સોનીને પકડવા તપાસનાં ચક્રોગતિમાન કર્યા હતા. દુષ્યંત સોની અંબાજી પોલીસ મથકે હાજર થતા પોલીસે દુષ્યંત સોનીની અટકાયત કરી તેની તપાસ હાથ ધરી છે.

શું હતો સમગ્ર મામલો

શક્તિપીઠ અંબાજી ખાતે તા.૨૩ થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો આયોજિત થયો હતો. જેમાં લાખોની સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓને ગુણવત્તાયુક્ત મોહનથાળનો પ્રસાદ મળી રહે એ માટે આયોજન કરાયેલ હતું. આ મેળા દરમિયાન પ્રસાદની માંગને પહોંચી વળવા એજન્સી દ્વારા મોટા પ્રમાણમાં ઘીનો જથ્થો સ્ટોક કરવામાં આવ્યો હતો. જે ઘીના સમ્પેલ ફેઈલ થતાં હવે સમગ્ર મામલો ઉઘાડો પડ્યો છે. જેને લઈ તપાસના ધમધમાટ પણ ચાલી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મે. મોહીની કેટરર્સ ના જવાબદાર આલોક અમરસિંહ ઝઝારીયા પાસેથી ભાદરવી પૂનમના મેળા પૂર્વે ઘીના ૨ લીગલ નમૂનાઓ લેવાયા હતા. આ બંને નમૂના અમૂલ ઘીના નામે ભળતા મે. મોહીની કેટરર્સ દ્વારા લોભ લાલચમાં આવીને ખરીદ કરવામાં આવ્યું હતું.

આ ઘી ઉપયોગમાં ન લેવાય તે માટે તમામ જથ્થો ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જપ્ત કરાયો છે. આ બાબતની અંબાજી મંદિરના ટ્રસ્ટને તાત્કાલિક ધ્યાન દોરતા ટ્રસ્ટ દ્વારા બનાસ ડેરીમાંથી પ્રસાદી માટેનું શુદ્ધ ઘી પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, તપાસ દરમિયાન અંદાજે રૂ. ૮ લાખની કિંમતના ૧૫ કિગ્રાના કુલ ૧૮૮ ટીનમાંથી ૨૮૨૦ કિલોગ્રામ ઘીનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો હતો અને પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવ્યો હતો. આ ખાદ્ય ઘી બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથક્કરણ અહેવાલ "સબ સ્ટાન્ડર્ડ" આવતા મે. મોહિની કેટરર્સના જવાબદાર વ્યક્તિ સામે કોર્ટ કાર્યવાહી ચાલુ છે. કોર્ટે જતીન શાહનાં એક દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

**અંદાજે રૂ. ૮ લાખની કિંમતના ૧૫ કિગ્રાના કુલ ૧૮૮ ટીનમાંથી ૨૮૨૦ કિલોગ્રામ ઘીનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો હતો**



અંબાજી મંદિર ખાતે બનતા પ્રસાદમાં ઉપયોગ કરવામાં આવતા ઘી માં ભેળસેળ મામલે વહીવટદાર, ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ, પોલીસ તમામ વિભાગો દ્વારા તપાસને ઝડપી બનાવી હતી. જે બાદ તપાસનો રેલો અમદાવાદ માધુપુરા ખાતે આવેલ નીલકંઠ ટ્રેડર્સે પહોંચ્યો હતો. જ્યાંથી મોહિની કેટરર્સ દ્વારા ઘી નાં ડબ્બા ખરીધા હતા. નીલકંઠ ટ્રેડર્સમાં રાતે તપાસ હાથ ધરી હતી. જે બાદ નીલકંઠ ટ્રેડર્સની દુકાનને સીલ કરી નોટીસ ચોંટાડવામાં આવી હતી. ત્યારે નીલકંઠ ટ્રેડર્સનાં માલિક જતીન શાહ આજે એકાએક પોલીસ સમક્ષ હાજર થઈ જતા પોલીસે તેઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગતા કોર્ટે એક દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

### ભરૂચ નજીક ટ્રક-કાર વચ્ચે ગંભીર અકસ્માત

## નોકરી પરથી પરત ફરતા ૪ યુવકોના ઘટનાસ્થળે મોત

### એક જ ફળિયાના ચાર આશાસ્પદ યુવાનો અને તમામ તેમનામાતાપિતાનાએકજસંતાનહોવાનીમાહિતીમળીછે

| ભરુચ, તા.૧૩ |

ભરૂચના કેલોદ નજીક હાઈવા ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. આમોદના સુડી ગામના એક જ ફળિયામાં રહેતા યુવાનોને અકસ્માત નડ્યો હતો. ભરૂચ નોકરી પરથી પરત ફરતા કારમાં સવાર લોકોને કેલોદ પાસે અકસ્માત સર્જાયો હતો. કેલોદ નજીક હાઈવા ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર ૪ આશાસ્પદ યુવાનોના સ્થળ પર જ મોત થયા હતા. પોલીસે ઘટના સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમોદના સુડી ગામના એક જ ફળિયાના ચાર યુવાનોના મોતને પગલે ગામમાં માતમ છવાયો હતો. ભરૂચના કેલોદ ગામ નજીક આવેલ મંદિર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાવા પામ્યો હતો.આમોદના સુડી ગામના કોળી ફળિયામાં રહેતા યુવાનો ભરૂચ નોકરી પર ગયા હતા. ભરૂચના રવિ રત્ન મોટર્સમાં અને શોરૂમમાં કામ કરતા ચારેય યુવાનો ઘરે જવા અલ્ટો કાર લઈ નીકળ્યા હતા. ત્યાંજ કેલોદ ગામની ભૂખી પાસે સામેથી આવતા હાઈવા ટ્રક જી.જે.૧૬ એ.ડબ્લ્યુ ૦૦૯૩ અને અલ્ટો કાર નંબર જી.જે.૧૬ ડી.સી. ૭૪૦૮ વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતને પગલે અલ્ટો કારમાં સવાર ચાર આશાસ્પદ યુવાનોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.અકસ્માતની જાણ સુડી ગામમાં થતા શોકનો માહોલ જોવા મળ્યો હતો. માહિતી અનુસાર એક જ ફળિયાના ચાર આશાસ્પદ યુવાનો અને તમામ તેમના માતા પિતાના એક જ સંતાન હોવાની માહિતી મળી છે.

### રાજકોટમાં છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

## કલેક્ટરના વહિવટદારની ખોટી ઓળખ આપી ખેડૂતો સાથે કરોડોની છેતરપિંડી

| રાજકોટ, તા.૧૩ |

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે ખેડૂતો રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જેમાં આક્ષેપ કર્યો હતો કે નરેશ પરમાર નામનો એક શખ્સ જિલ્લાના ચીંભડા ગામમાં આવેલી સરકારી જમીન પોતાની માલિકીની છે, તેવું કહીને વેંચી નાખી હતી. જ્યારે જમીન ખરીદનાર ખેડૂતને માલૂમ પડ્યું કે આ જમીન સરકારી ખરાબો છે. પહેલા પીએમઓ તરીકે પછી સીએમઓ તરીકે અને હવે જિલ્લા કલેક્ટરના વહિવટદાર તરીકે છેતરપિંડી આચરનાર ઠગબાજો ભોળા લોકોને પોતાના શિકાર બનાવતા હોય છે. ત્યારે રાજકોટમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. રાજકોટ જિલ્લા કલેક્ટરના નામે જમીન ક્લિયર કરાવી આપવાની લાલચ આપીને રૂપિયા ખંખેરવાના કૌંભાડનો પર્દાફાશ થયો છે. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે ખેડૂતો રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જેમાં આક્ષેપ કર્યો હતો કે નરેશ પરમાર નામનો એક શખ્સ જિલ્લાના ચીંભડા ગામમાં આવેલી સરકારી જમીન પોતાની માલિકીની છે, તેવું કહીને વેંચી નાખી હતી. જ્યારે જમીન ખરીદનાર ખેડૂતને માલૂમ પડ્યું કે આ જમીન સરકારી ખરાબો છે. ત્યારે પોતે જિલ્લા કલેક્ટરનો વહિવટદાર છે અને આ જમીન સરકારી ચોપડે ક્લિયર કરાવી દેશે તેવો દાવો કર્યો હતો. એટલું જ નહિ છેલ્લા છ મહિનાથી પોતે કલેક્ટર ઓફિસમાં કામ કરે છે અને કલેક્ટરને રૂપિયા આપીને વહિવટ કરાવી આપે છે તેવું કહીને અનેક ખેડૂતો પાસેથી કરોડો રૂપિયા ખંખેરી લીધા હતા. ખેડૂતોની ફરિયાદના આધારે જિલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા છે. આ ઉપરાંત લોધિકા પોલીસ સ્ટેશન ખાતે ભોગ બનનાર ખેડૂતોએ પોતાની ફરિયાદ નોંધાવી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, છેલ્લા છ મહિનાથી નરેશ પરમાર નામનો શખ્સ રૂપિયા આપતો નથી. કોઈ રૂપિયાની માંગણી કરે તો એટ્રોસિટી એક્ટ અંતર્ગત ફસાવી દેવાની ધમકી આપે છે. હાલ તો ભોગ બનનાર ખેડૂતોએ લોધિકા પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે.

### સ્વિમિંગ પુલની ફીમાં બમણો વધારો કરવાની ઘટના સામે આવી

## SMCએ સ્વિમિંગ પૂલની ફીમાં ૮૦ ટકાનો ધરખમ વધારો કરતા લોકોએ વિરોધ કર્યો

### રોષે ભરાયેલા લોકો પોસ્ટર સાથે કતારગામમાં આવેલી તરણ કુંડમાં એકઠા થયા હતા અને વિરોધ નોંધાવ્યો હતો

| સુરત, તા.૧૩ |

સુરત મહાનગર પાલિકાએ એકાએક સ્વિમિંગ પુલની ફીમાં બમણો વધારો કરવાની ઘટના સામે આવી છે. સુરત મહાનગર પાલિકામાં એકાએક સ્વિમિંગ પુલની ફીમા વધારો કરતા વિરોધનો સૂર ઉઠ્યો છે. સુરતના કોર્પોરેશને સ્વિમિંગ ફીમાં ૮૦ ટકાનો વધારો કરતા લોકોમાં રોષ ફેલાયો છે.રોષે ભરાયેલા લોકો પોસ્ટર સાથે કતારગામમાં આવેલી તરણ કુંડમાં એકઠા થયા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. સુરત મહાનગર પાલિકાએ એકાએક સ્વિમિંગ પુલની ફીમાં બમણો વધારો કરવાની ઘટના સામે આવી છે. સુરત મહાનગર પાલિકામાં એકાએક સ્વિમિંગ પુલની ફીમાં વધારો કરતા વિરોધનો સૂર ઉઠ્યો છે. સુરતના કોર્પોરેશને સ્વિમિંગ ફીમાં ૮૦ ટકાનો વધારો કરતા લોકોમાં રોષ ફેલાયો છે. રોષે ભરાયેલા લોકો પોસ્ટર સાથે કતારગામમાં આવેલી તરણ કુંડમાં એકઠા થયા હતા અને વિરોધ નોંધાવ્યો હતો.કોર્પોરેશને એકસાથે ઝીકેલા ૮૦ ટકા ફી વધારો પરત ખેંચવા માગ કરી હતી.જો કોર્પોરેશન ફી વધારો પરત નહીં ખેંચે તો આગામી સમયમાં લોકોએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. મહત્વનું છે કે કોર્પોરેશન સંચાલિક સ્વિમિંગ પુલની ફીમાં એકાએક ૮૦ ટકાનો વધારો કરાયો છે.ફીના ૨૫૦૦થી વધારી ૪ હજાર ૫૦૦ રૂપિયા કરવામાં આવ્યાં છે. જેથી લોકોમાં ભારે રોષ ફેલાયો છે.



### ભારત-પાકિસ્તાન મેચને લઈ AMCનો મોટો નિર્ણય

## આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સુધી AMTSની ૫૦ એક્સ્ટ્રા બસ દોડશે

| અમદાવાદ, તા.૧૩ |



અમદાવાદમાં શનિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડકપની હાઈવોલ્ટેજ મેચ યોજાવાની છે. તે પહેલાં સુરક્ષાની તૈયારીઓમાં કોઈ પણ કસર ન રહી જાય તેની કાળજી રાખવામાં આવી રહી છે. ભારતીય ટીમ હાલ અમદાવાદ પહોંચી છે જેના માટે પણ તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. જ્યારે મેચ જોવાના રૂટ પર કોઈ તકલીફ ન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ભારત-પાકિસ્તાન મેચના દર્શકો માટે મહત્વના સમાચાર મળી રહ્યા છે. મેચમાં દર્શકોને મુશ્કેલી ન પડે તે માટે AMC દ્વારા મહત્વ પૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. AMTS બસના રૂટમાં વધારો કરવામાં આવ્યો છે. સ્ટેડિયમમાં આવવા જવા માટેની ૫૦ નવી બસ મૂકાશે. મેચના દિવસે સ્ટેડિયમ સુધી ૫૦ એક્સ્ટ્રા બસ દોડશે. મેચ પૂરી થયા પછી પણ AMTS બસ ચાલતી રહેશે.

સવારના ૮:૩૦થી રાત્રિના ૧ વાગ્યા સુધી બસની સુવિધા મળશે. સાબરમતીના અચેર ડેપોથી વાસણા, મણિનગર, ઓઢવ, નારોલ, ઉજાલા સર્કલ સુધી બસ ચલાવવામાં આવશે. અમદાવાદના અલગ અલગ વિસ્તારમાંથી બસ ઉપડશે. આ બસ મેચ પૂર્ણ થયા બાદ પણ મળી રહેશે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાનું ગ્રાન્ડ રિહર્સલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ટેડિયમ અને સંવેદનશીલ વિસ્તારોમાં જડબેસલાક બંદોબસ્ત કરવામાં આવ્યો છે. જ્યાં ૧૪ ઓક્ટોબરે ભારત-પાકિસ્તાન વચ્ચે મેચ યોજાશે તે પહેલાં શહેરના વિવિધ વિસ્તારોમાં પણ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે

## વિશેષ લેખ

### ઈઝરાયેલની સૌથી મોટી તાકાત તેના આધુનિક હથિયારો છે તેની પાસે હથિયારોનો ભંડાર છે

# ચારે તરફ દુશ્મનો વચ્ચે ઘેરાયેલ ટચૂકડુ ઈઝરાયેલ અત્યાધુનિક હથિયારો બનાવવામાં મોખરે છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

ચારે તરફ દુશ્મનો વચ્ચે ઘેરાયેલુ ટચૂકડુ ઈઝરાયેલ અત્યાધુનિક હથિયારો બનાવવામાં મોખરે છે. હાલ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધમાં બન્ને તરફે આધુનિક અને ખતરનાક કહી શકાય એવા હથિયારો વપરાયા છે.ઈઝરાયેલે યુદ્ધની ઘોષણા બાદ હમાસ સામે હુમલા તેજ કર્યા છે. યુદ્ધ જીતવા માટે ઈઝરાયેલની સેનાએ પોતાના હાઈટેક હથિયારો, ટેક્ક અને ફાઈટર જેટને પણ યુદ્ધના મેદાનમાં તૈનાત કર્યા છે. ગાઝા પટ્ટી પર આકાશમાંથી સતત બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે. પેલેસ્ટાઈનમાં મૃત્યુઆંક એકહજારને વટાવી ગયો છે. દુનિયા જાણે છે કે ઈઝરાયેલ આ યુદ્ધમાં બહુ જલ્દી જીત નોંધાવશે, કારણ કે આ નાનકડા દેશે પોતાને એટલો શક્તિશાળી બનાવી દીધો છે કે તેના દુશ્મનો માટે તેની સામે ટકી રહેવું એટલું સરળ નથી. મજબૂત સેના પછી ઈઝરાયેલની સૌથી મોટી તાકાત તેના આધુનિક હથિયારો છે. તેની પાસે હથિયારોનો ભંડાર છે.

ઈઝરાયેલની સૈન્ય ક્ષમતા પણ ખૂબ જ આધુનિક સિસ્ટમથી સજ્જ છે. ઈઝરાયેલ તેની અધતન ગુપ્ત વ્યવસ્થા માટે પણ ઘણીએજન્સીઓ દ્વારા પ્રખ્યાત છે. ઈઝરાયેલની વાયુસેના એવિશ્વની સૌથી તકનીકી રીતે અધતન દળોમાંની એક છે અને તેની પાસે ખૂબ જઅધતન શસ્ત્ર પ્રણાલી છે. ઈઝરાયેલ પાસે એક-૩૫ સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ અને સ્માર્ટ બોમ્બની લાંબી શ્રેણી છે જે કોલેટરલડેમેજને ઘટાડી શકતી વખતે શ્રેષ્ઠ સંભવિત રીતે લક્ષ્યો પર હુમલો કરી શકે છે. ઈઝરાયેલ પાસે ઓપરેશન હાથ ધરવા માટેનેટવર્ક કેન્દ્રિત સિસ્ટમ છે, જે બહુવિધ સ્તરે સેન્સર વડે લક્ષ્યને શોધીને તેના પર હુમલોકરવામાં સક્ષમ છે. એટલું જ નહીં, અત્યંત અધતન મેરકાવા ટાંકી લગભગ ૫૦૦ જેટલીછે. આ સિવાય મોટી સંખ્યામાં મિસાઈલ બોટ છે.જે ક્વિક રિએક્શન સિસ્ટમથીસજ્જ છે જે કોઈપણ મિસાઈલ અને ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવી શકે છે. ઈઝરાયેલપાસે પરમાણુ ક્ષમતા પણ છે. જે તેની સૈન્ય ક્ષમતાને અત્યંત શક્તિશાળી બનાવે છે.

ઈઝરાયેલે એવી અત્યાધુનિક એર ડિફેન્સસ સિસ્ટમ બનાવી લીધી છે કે, જેને ભેદવાનુ દુશ્મન દેશના વિમાનો, ડ્રોન અને મિસાઈલ માટે અત્યંત મુશ્કેલ થવાનુ છે. આ એર ડિફેન્સ લેસરથી સંચાલિત છે અને તેને આયરનબીમ નામ આપવામાં આવ્યુ છે.

લેસર પર આધારિત આ સિસ્ટમ લેસર કિરણો વડે દુશ્મનના ડ્રોન, મિસાઈલ કે મોર્ટાર અને વિમાનનો ખાતમો કરી શકે છે.આ સિસ્ટમ થકી એક એટેક કરવાનો ખર્ચ માત્ર ૨૬૭ રૂપિયા આવે છે અને આટલા ખર્ચમાં તે કરોડ રૂપિયાના ડ્રોન કે મિસાઈલને તોડી પાડી શકે છે. અત્યારે ઈઝરાયેલી એરફોર્સ અને ગ્રાઉન્ડ ફોર્સ તેનો ઉપયોગ પણ કરી રહી છે.

ઈઝરાયેલ પાસે કેવા આધુનિક અને ખતરનાક હથિયારો છે જેમાંનું એક (આયર્ન ડોમ) છે. જે ઈઝરાયેલની મજબૂત સંરક્ષણ પ્રણાલીપાછળ આયર્ન ડોમ સેક્ટી સિસ્ટમની મોટીભૂમિકા છે. તેની વિશેષતા સમગ્ર વિશ્વમાંપ્રખ્યાત છે. આયર્ન ડોમની વિશેષતાની વાતકરીએ તો તે દુશ્મનના રોકેટને હવામાં જ નષ્ટ કરી શકે છે. ૨૦૧૧થી તે ઈઝરાયેલની સુરક્ષા માટે





કામ કરી રહી છે. તે જણાવે છે કે દુશ્મનનું રોકેટ ક્યાં પડવાનું છે. જો તે રોકેટ વસ્તીવાળા વિસ્તારમાં પડે અને ત્યાંજાનમાલનું નુકસાન થઈ શકે, તો ડોમ મિસાઈલ છોડશે અને દુશ્મનના રોકેટને નષ્ટ કરશે.

બીજું F-16 એરક્રાફ્ટ ઈઝરાયેલની મોટી તાકાત ગણાય છે. હમાસ સામેના યુદ્ધમાં પણ તેનો સૌથી વધુ ઉપયોગ થઈ રહ્યો છે. ઈઝરાયેલ સદીની શરૂઆતથી આ વિમાનોનો ઉપયોગ કરી રહ્યું છે. જો કે તેમાં સમય સમય પર જરૂરિયાતમુજબ ફેરફારો કરવામાં આવ્યા છે. આ વિમાનની સૌથી ખાસ વાત એ છે કે તે દુશ્મનના રડાર પર નથી આવતું. તે ૨૧૭૨કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. જયારે જેરીકો-૩ મિસાઈલએક આધુનિક ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છે. તેને ઈઝરાયેલ દ્વારા ૧૯૭૦માંબનાવવામાં આવ્યું હતું, પરંતુ તેને ૨૦૧૧માંસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. તેને મધ્ય પૂર્વની સૌથી અધતન પરમાણુ મિસાઈલ માનવામાં આવે છે. તે અમેરિકા સુધી નિશાન બનાવી શકે છે અને ૪,૮૦૦ થી ૬૫૦૦કિલોમીટરનું અંતર કવર કરી શકે છે. એ ઉપરાંત મેરકાવા ટેક્ક ની વાત કરીએ તો આ ઈઝરાયેલનીમોટી તાકાત છે. મેરકાવા ૅફ ટેક્કમાં ૧૨૫ એમએમની તોપ છે. તેની મદદથી એન્ટી ટેક્ક મિસાઈલ પણ લોન્ચ કરી શકાય છે. આટેક્કમાં મશીનગન, સ્મોક લોન્ચર અને ૬૦ એમએમ મોર્ટાર પણ લગાવવામાં આવ્યા છે. આ ટેક્ક ૮ લોકોની મદદથી ચાલે છે. એ ઉપરાંત ઈઝરાયેલે યુદ્ધ જહાજો પર પણ ઘણું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ખરેખર, તેનો એક ભાગ લાલ સમુદ્ર સાથે જોડાયેલ છે. આવી સ્થિતિમાં, અહીં પણ દુશ્મનો સામે લડવા માટે કાવરેટ યુદ્ધ જહાજ બનાવવામાં આવ્યું છે. તેનું વજન લગભગ ૨૦૦૦ ટન છે. તે લગભગ ૨૦ સેન્સર, હથિયારો અને આધુનિક કોમ્યુનિકેશન સિસ્ટમથી સજ્જ છે. કાવરેટ યુદ્ધ જહાજ બરાક-૮ સરફેસ ટુ એર મિસાઈલ પણ ફાયર કરી શકે છે.

એ ઉપરાંત અમેરિકાએ ઈઝરાયેલને યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ, નેવીનું સૌથી નવું અને સૌથી અધતન એરક્રાફ્ટ કેરિયર મોકલ્યુ છે.. ૫,૦૦૦ ખલાસીઓ અને યુદ્ધ વિમાન ડેક સાથેનું યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ નેવીનું સૌથી આધુનિક એરક્રાફ્ટ માનવામાં આવે છે. ક્રુઝરો અને ડિસ્ટ્રોયર સિવાય તે નેવી પર પણ નજર રાખશે. આ નાનકડો ઈઝરાઈલ દેશ આજે તો આધુનિક હથિયારોથી સજ્જ બન્યો છે એ ચોક્કસ છે.

**ન્યૂઝ બ્રિફ**

## દિલ્હીના ઘણા બધા વિસ્તારોનો એક્યુઆઈ ૩૦૦થી ઉપર નોંધાયો



। નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હીની હવા જે છેલ્લા ઘણા દિવસોથી શુદ્ધ હતી, તેમાં ફરી પ્રદૂષણનું પ્રમાણ વધ્યું છે. જો આજે દિલ્હીના એક્યુઆઈ વિષે વાત કરવામાં આવે તો ૨૦૦ને પાર કરી ગયો હતો. ચોમાસું પાછું ખેંચાયા પછી સિઝનનો આ ત્રીજો દિવસ છે, જ્યારે હવાની ગુણવત્તા નબળી જોવા મળી રહી છે. દિલ્હીના ઘણા વિસ્તારોનો એક્યુઆઈ ૩૦૦ થી ઉપર એટલે કે ખૂબ જ નબળી શ્રેણીમાં નોંધાયો હતો. ચોમાસું પાછું ખેંચાયા બાદ ૬ અને ૭ ઓક્ટોબરે એક્યુઆઈ ૨૦૦ને પાર કરી ગયો હતો એટલે કે આ અંક હવાની નબળી કક્ષામાં પહોંચ્યો હતો. આ પછી પવનની ગતિ વધતા અને પ્રદૂષકના પાર્ટીકલ્સમાં વધારો થવાથી હવા ફરી બગડી હતી.

## ભારતમાં ઈઝરાયેલના નાગરિકોની સુરક્ષા માટે દેશભરમાં હાઈએલર્ટ



। નવી દિલ્હી, તા.૧૩ ।

પેલેસ્ટાઈનનું આતંકવાદી સંગઠન હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે, જેને ધ્યાને રાખી ભારતે રાજદ્વારીઓ, કર્મચારીઓ અને પ્રવાસીઓ સહિત ઈઝરાયેલી નાગરિકોની સુરક્ષા માટે દેશભરમાં એલર્ટ જારી કર્યું છે. આ એલર્ટની માહિતી સંબંધિત સુરક્ષા એજન્સીઓ અને પોલીસને આપી દેવાઈ છે. એલર્ટમાં કેટલાક સ્થળો પર મજબુત સુરક્ષાનું પણ કહેવાયું છે. ઉપરાંત જ્યાં ઈઝરાયેલી નાગરિકોનું આગમન વધુ છે, તે જગ્યાએ પણ કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. એલર્ટમાં ઓક્ટોબરના યહુદી તહેવારોનો પણ ઉલ્લેખ કરાયો છે.

## ગાઝા પર હુમલા બંધ ન કરે તો અન્ય મોરચા પર યુદ્ધની ઈઝરાયેલને ઈરાનની ધમકી



। તેલઅવિવ, તા.૧૩ ।

ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટીમાં હમાસના ઠેકાણાઓ પર ભીષણ બોમ્બમારો યથાવત્ છે. તેને લઈને ઈરાને હવે ઈઝરાયલને મોટી ધમકી આપી દીધી છે. ઈરાને કહ્યું છે કે જો ઈઝરાયલે ગાઝા પર જારી હુમલા બંધ ન કર્યા તો પછી અન્ય મોરચાઓ પર યુદ્ધની શરૂઆત થઈ શકે છે. ખરેખર પેલેસ્ટાઈનના ગાઝા પટ્ટીમાં નેતૃત્વ કરતાં હમાસ સંગઠને ઈઝરાયલ પર ભીષણ હુમલો કરી દીધો હતો. હમાસે પહેલા ઈઝરાયલ પર ૬૦૦૦થી વધુ રોકેટ ઝિંક્યા અને પછી તેના આતંકીઓએ ઈઝરાયલમાં ઘૂસીને આતંક મચાવ્યો હતો.

## ઇઝરાયેલના ઈન્ટેલીજન્સ ચીફે હમાસને ગાઝા પટ્ટી પર કબજો કરવા ઉશ્કેર્યા



। વોશિંગ્ટન, તા.૧૩ ।

વિકીલીક્સ કેબલના સત્તાવાર ટ્વીટર હેન્ડલથી ૧૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ એક લખાણ મુકવામાં આવ્યું છે. તેમાં કરાયેલ દાવા અનુસાર ઈઝરાયેલના ઈન્ટેલીજન્સ ચીફએ હમાસને ગાઝા પટ્ટી પર કબજો કરવા ઉશ્કેર્યા હતા. આ હેન્ડલ પરની લિંક પર ક્લિક કરવામાં આવે તો તમે આઈએમઈએમસી હ્રીજની વેબસાઈટ પર પહોંચશો.

### દેશમાં આયાત અને નિકાસમાં ઘટાડો નોંધાયો

# સપ્ટેમ્બર મહિનામાં દેશના વેપારમાં ૧૯.૩૭ બિલિયન ડોલરનું નુકશાન

### આંકડાઓ અનુસાર ઓગસ્ટ મહિનામાં દેશના વેપારમાં ૨૪.૧૬ બિલિયન ડોલરનું નુકસાન થયું હતું

। નવી દિલ્હી, તા.૧૩ ।

શુક્રવારના સરકારી આંકડાઓ પ્રમાણે દેશમાં આયાત અને નિકાસમાં ઘટાડો નોંધાયો છે. જેના કારણે દેશને સપ્ટેમ્બર ૨૦૨૩ના વેપારમાં ૧૯.૩૭ બિલિયન ડોલરનું નુકસાન જોવા મળે છે. આ આંકડાઓ અનુસાર ઓગસ્ટ મહિનામાં દેશના વેપારમાં ૨૪.૧૬ બિલિયન ડોલરનું નુકસાન થયું હતું. સપ્ટેમ્બર ૨૦૨૩માં દેશની નિકાસ ૨.૬ ટકા ઘટીને ૩૪.૪૭ બિલિયન ડોલર થઈ છે, જ્યારે ગયા વર્ષે એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૨માં ભારતની કુલ નિકાસ ૩૫.૩૯ બિલિયન ડોલર હતી. ભારતની આયાત પણ સપ્ટેમ્બરમાં ૧૫ ટકા ઘટીને ૫૩.૮૪ બિલિયન ડોલર થઈ છે, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૬૩.૩૭ બિલિયન ડોલર હતી.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન નિકાસ ૮.૭૭ ટકા ઘટીને ૨૧૧.૪ અબજ ડોલર થઈ છે. જ્યારે આ છ મહિનામાં આયાત ૧૨.૨૩ ટકા ઘટીને ૩૨૬.૯૮ અબજ ડોલર થઈ છે. સોનાની આયાતમાં વર્ષે વધારો જોવા મળે છે. જયારે ગયા વર્ષે તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. તે સામે સોનામાં લાગેલી ડ્યુટીના કારણે તેની આયાતમાં ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, કિંમતી સ્ટોન્સ, ચાંદી, કોલસોની આયાતમાં પણ ઘટાડો નોંધાયો હતો. સપ્ટેમ્બરમાં ચીનની નિકાસ અને આયાત બંનેમાં ૬.૨ ટકાનો ઘટાડો થયો છે. ચીનની આયાત અને નિકાસ સતત પાંચમા મહિને ઘટી છે. જેનું કારણ નબળી ગ્લોબલ ડિમાન્ડ છે. સપ્ટેમ્બરમાં ચીનની નિકાસ ૬.૨ ટકાના ઘટાડા બાદ ઈ૨૯૯.૧૩ બિલિયન રહી હતી. તે જ સમયે, આયાતમાં ૬.૨ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો છે અને તે ઈ૨૨૧.૪૩ બિલિયન રહી છે.

## ટીમ ઈન્ડિયા સામે પાંચ જેટલી વિકેટ ઝડપીશ: શાહીન આફ્રિદી



। નવી દિલ્હી, તા.૧૩ ।

પાકિસ્તાનના સ્ટાર ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ મોટું નિવેદન આપતા કહ્યું કે તે ભારત સામે ૫ વિકેટ લેશે. શાહિને પોતાના નિવેદનથી ભારે હલચલ મચાવી દીધી છે.

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪ ઓક્ટોબર શનિવારના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રમાશે. ચાહકો આ શાનદાર મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. શાહીનના આ નિવેદનથી ફેન્સની ઉત્સુકતા વધુ વધી હશે.

પહેલીવાર ભારતમાં રમવા આવેલા શાહીન આફ્રિદીએ ભારત સામેની મેચ પહેલા કહ્યું હતું કે તે ભારત સામે ૫ વિકેટ લેશે. શાહીન અત્યાર સુધીમાં ૪૬ વન-ડે મેચ રમી ચૂક્યો છે, જેમાં તેણે બે વખત ૫ વિકેટ ઝડપી છે. આવી સ્થિતિમાં શાહીનને ભારત સામે નવા બોલ સાથે બોલિંગ ફેંકતો જોવાનું રસપ્રદ રહેશે.

### મેચમાં અમ્પાયરના નિર્ણયોને લઈને વિવાદ

# સ્મિથ-સ્ટોઈનિસને વિવાદાસ્પદ રીતે આઉટ અપાતા ચાહકો ભારે નારાજ

### એલબીડબલ્યુના નિર્ણયોમાં થર્ડ અમ્પાયરે પણ ભૂલ કરી હોવાનું લાગતા ચાહકોમાં ભારે રોષ ફાટી નિકળ્યો હતો

। લખનૌ, તા.૧૩ ।

ગુરૂવારે રમાયેલી ૧૦મી મેચમાં સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને ૧૩૪ રનથી હરાવ્યું હતું. જો કે આ મેચમાં થર્ડ અમ્પાયરના ઘણા નિર્ણયો લીધા હતા જેમાં વિવાદ થયો છે. ઓસ્ટ્રેલિયાની ઈનિંગ દરમિયાન સ્ટીવ સ્મિથ અને માર્કસ સ્ટોઈનિસ વિવાદિત આઉટના શિકાર બન્યા હતા. ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાની ઈનિંગ દરમિયાન ૧૦મી ઓવરના પાંચમાં બોલ પર પહેલી ઘટના



બની જેમાં સ્ટીવ સ્મિથના પેડ પર બોલ વાગતા આફ્રિકાના ખેલાડી દ્વારા એલબીડબલયુ આઉટની અપીલ કરવામાં આવી હતી જેને ઓનફિલ્ડ અમ્પાયરે નકારી કાઢી હતી અને નોટઆઉટ આપ્યો હતો. જો કે આફ્રિકાના કેપ્ટને રિવ્યુ લીધો હતો જેમાં રી-પ્લેમાં જોવા મળ્યુ હતું કે સમિથે જે પ્રકારે સ્ટાન્સ લીધો હતો તેમાં ઓફ સ્ટમ્પ દેખાઈ રહ્યો હતો અને બોલ તેના ડાબા પગમાં વાગ્યો હતો. એવુ લાગી રહ્યું હતું કે બોલ લેગ સ્ટમ્પને મિસ કરશે પણ ડિસિઝન રિવ્યુ સિસ્ટમ (ડીઆરએસ)માં બોલ સીધી જ સ્ટમ્પને અથડાયો હતો અને તેને થર્ડ અમ્પાયરે એલબીડબલ્યું આઉટ આપ્યો હતો. આ નિર્ણયથી ઓનફિલ્ડ અમ્પાયર પણ ચોંકી ગયા હતા.

### વન-ડે વર્લ્ડ કપમાં વધુ એક નિરસ મેચ

# દક્ષિણ આફ્રિકાનો ઓસ્ટ્રેલિયા સામે ૧૩૭ રને શાનદાર વિજય

### ડીકોકના ૧૦૬ બોલમાં આઠ બાઉન્ડ્રી, પાંચ સિક્સર સાથે ૧૦૯ રન, એડન માર્કરામના ૪૩ બોલમાં ૫૬ રન

। લખનૌ, તા.૧૩ ।

વર્લ્ડ કપ ૨૦૨૩માં સાઉથ આફ્રિકાનો સામનો ઓસ્ટ્રેલિયા સામે થયો હતો. આફ્રિકાની ટીમે પ્રથમ મેચમાં શ્રીલંકા સામે મોટી જીત હાંસલ કરી હતી. સાથે જ ઓસ્ટ્રેલિયાને ભારત સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ ૫૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૩૧૧ રન બનાવ્યા



હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૪૦.૫ ઓવરમાં ૧૭૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. એડન માર્કરમે વધુ એક શાનદાર ઈનિંગ રમતા ૪૩ બોલમાં ૫૬ રન બનાવ્યા. આ તેની વર્લ્ડ કપમાં સતત બીજી ફિફ્ટી છે. આ પહેલા તેણે શ્રીલંકા સામે સૌથી ઝડપી સદી ફટકારી હતી. સાઉથ આફ્રિકાને ૩૫મી ઓવરમાં ૧૯૭ના સ્કોર પર ત્રીજો ઝટકો લાગ્યો હતો. મેક્સવેલે ક્વિન્ટન ડી કોકને બોલ્ડ કર્યો હતો.

ડી કોકે ૧૦૬ બોલમાં ૧૦૯ રનની ઈનિંગ રમી હતી. પોતાની ઈનિંગમાં તેણે આઠ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા હતા. સાઉથ આફ્રિકાના ક્વિન્ટન ડી કોકે ૯૦ બોલમાં સદી ફટકારી હતી. આ વર્લ્ડ કપમાં આ તેની બીજી સદી હતી.

### ઉત્તરપ્રદેશના રામપુરના ચર્ચિત કારતુસ કાંડમાં ચુકાદો

# યુપી કારતૂસ કાંડમાં ૨૪ દોષિતોને ૧૦-૧૦ વર્ષની સજા, ૧૦-૧૦૧ હજારનો દંડ

### તમામ આરોપીઓને સમાન સજા અપાઈ છે, આ કેસમાં ૧૩ વર્ષની સુનાવણી ૯ સાક્ષીઓની જુબાની બાદ સજા સંભળાવાઈ

। લખનઉ, તા.૧૩ ।

ઉત્તરપ્રદેશના રામપુરના ચર્ચિત કારતુસ કાંડમાં આખરે ૨૪ પોલીસ કર્મચારીઓ સ્પેશિયલ કોર્ટે સજા સંભળાવી છે. આ કેસમાં ૧૩ વર્ષની સુનાવણી ૯ સાક્ષીઓની જુબાની બાદ આખરે ૨૪ દોષિતોને ૧૦-૧૦ વર્ષની સજા અને ૧૦-૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારાયો છે. મદદનીશ સરકારી વકીલ પ્રતાપ સિંહ મૌર્યએ કહ્યું કે, તમામ આરોપીઓને સમાન સજા અપાઈ છે. સીઆરપીએફ હવલદાર વિનોદ કુમાર અને વીનેશ કુમારને આર્મ્સ એક્ટ હેઠળ સાત-સાત વર્ષની કેદ અને ૧૦-૧૦ હજારનો દંડની સજા સંભળાવાઈ છે. આ અગાઉ બુધવારે તમામ આરોપીઓને દોષિત જાહેર



કરાયા બાદ તમામને જેલ ધકેલી દેવાયા હતા. શુક્રવારે તમામને જેલમાંથી કોર્ટમાં રજુ કરાયા બાદ સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે તમામને સજા સંભળાવી છે. તમામ આરોપીઓને પર સરકારી સંપત્તિને નુકસાન કરવું, ચોરીની સંપત્તિને પોતાના કબજામાં રાખવી, ગુનાહિત ષડયંત્ર રચવું ઉપરાંત આર્મ્સ એક્ટના કેસ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. દંતેવાડાના નકસલી હુમલામાં સીઆરપીએફ જવાનો શહિદ થયા હોવાની ઘટના બની હતી.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધને લીધે ખેલાડીઓની સુરક્ષા સામે જોખમ

# ચેસ સ્પર્ધા મુલત્વી રાખવા માટે ફિડેને એઆઈસીએફની વિનંતી

### ભાગ લેનારની ઉંમરને ધ્યાનમાં રાખીને વર્લ્ડ કેડેટ ચેસ ચેમ્પિયનમાંથી ભારતીય ટીમનું નામ પાછું ખેંચવા નિર્ણય

। નવી દિલ્હી, તા.૧૩ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારતીય ચેસ પર પડી છે. ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (એઆઈસીએફ)એ ૧૪થી ૨૩ ઓક્ટોબર દરમિયાન ઈજિપ્તના શર્મ અલ શેખમાં યોજાનારી વર્લ્ડ કેડેટ ચેસ ચેમ્પિયનશિપમાંથી ખસી જવાની જાહેરાત કરી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ખેલાડીઓ અને અધિકારીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે. ટૂર્નામેન્ટમાં દેશના ૩૯ ખેલાડીઓ ભાગ લેવાના હતા, જેનું સ્થળ ઈઝરાયેલ બોર્ડરથી ૪૦૦ કિમી કરતા પણ ઓછા અંતરે હતું. ટુર્નામેન્ટમાં અંડર-૧૨, અંડર-૧૦ અને અંડર-૮ કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાશે. ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (એઆઈસીએફ)એ વિશ્વ સંસ્થા ફિડેને હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટૂર્નામેન્ટ મુલત્વી રાખવા વિનંતી કરી છે. ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (એઆઈસીએફ)એ અખબારી યાદીમાં જણાવ્યું હતું.



ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગાઝા પટ્ટી પર ચાલી રહેલા સંઘર્ષ અને ભાગ લેનારની ઉંમરને ધ્યાનમાં રાખીને વર્લ્ડ કેડેટ ચેસ ચેમ્પિયન ૨૦૨૩માંથી ભારતીય ટીમનું નામ પાછું ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે. એઆઈસીએફ સૂત્રોના જણાવ્યા અનુસાર આ ટૂર્નામેન્ટ માટે લગભગ ૮૦ લોકો શર્મ અલ શેખ જવાના હતા, જેમાં ખેલાડીઓ, કોચ અને ખેલાડીઓની સાથે આવેલા લોકો સામેલ હતા. ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશને યુવા ખેલાડીઓની સુરક્ષાના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. કારણ કે ઈજિપ્ત તેની ગાઝા તેમજ ઈઝરાયેલ સાથેની સરહદ ધરાવે છે.

### ઈઝરાયલ-હમાસ યુદ્ધ મામલે યુએનનો રિપોર્ટ સામે આવ્યો

# ઈઝરાયેલની સેનાએ ૧૧ લાખ લોકોને ઉ. ગાઝાથી દ. ગાઝા તરફ જવા કહ્યું

### આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈ સંયુક્ત રાષ્ટ્રએ ઈઝરાયેલને પોતાનો આદેશ પાછો ખેંચવા કહ્યું હતું

। જેરૂસલેમ, તા.૧૩ ।

ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટીમાં હમાસના ઠેકાણાઓ પર ભીષણ બોમ્બમારો યથાવત્ છે. એવામાં યુએનનો આ મામલે રીપોર્ટ સામે આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે, ઈઝરાયેલની સેનાએ ૧૧ લાખ લોકોને ઉત્તરી ગાઝાથી દક્ષિણ ગાઝા તરફ જવા માટે કહ્યું છે. આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈ સંયુક્ત રાષ્ટ્રએ ઈઝરાયેલને પોતાનો આદેશ પાછો ખેંચવા કહ્યું છે. હ્યુમન રાઈટ્સની બાબતોના સંકલન માટે યુએન દ્વારા ઈમરજન્સી અપીલ જારી કરવામાં આવી છે. યુએન દ્વારા પેલેસ્ટાઈનીઓને મદદ કરવા માટે દુનિયાભરના દેશો પાસેથી ૨૪૦૦ કરોડ



રૂપિયાની માંગણી કરવામાં આવી છે. આ પૈસાનો ઉપયોગ ૧૨ લાખ લોકોની મદદ માટે કરવામાં આવશે. ગાઝા પટ્ટી સાથેની દક્ષિણી સરહદ પર ઈઝરાયેલે ત્રણ લાખથી વધુ સૈનિકો તૈનાત કર્યા છે. પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે સૈનિકોની તૈનાતી પછી ઈઝરાયેલ શું કરવા જઈ રહ્યું છે. હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ગાઝા પર કરાયેલા હવાઈ હુમલાએ અહીં માનવીય દુર્ઘટના સર્જી છે. ગાઝામાં લોકોને ભૂખમરાનું જોખમ છે.

### ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચેના યુદ્ધના અંતનો અંદાજ મુશ્કેલ

# યુએનના રિપોર્ટમાં મોટો ખુલાસો થયો, ઈઝરાયેલે રાસાયણિક હથિયારો વાપર્યા

। તેલઅવિવ, તા.૧૩ ।

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચેનું યુદ્ધ હવે એવા તબક્કામાં પ્રવેશી ગયું છે કે તેનો અંત ક્યારે થશે તે કહેવું મુશ્કેલ છે. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ તો પૃથ્વી પરથી હમાસનું અસ્તિત્વ જ ભૂસી નાખવાના સોગંદ લઈ લીધા છે ત્યાં ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટીમાં નિરંતર હુમલા કરવામાં આવી રહ્યા છે. હમાસનો ઈઝરાયલ પર હુમલો ભારે પડી રહ્યો છે. ગાઝા પટ્ટીમાં ઈઝરાયલી બોમ્બમારા વચ્ચે અત્યાર સુધી ત્યાંથી ૪ લાખ લોકો સ્થળાંતર કરવા મજબૂર થયા છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે ગાઝા પટ્ટીમાં ૪૨૩૦૦૦ થી વધુ લોકો હવે પોતાના ઘર છોડવા મજબૂર છે કેમ



કે પેલેસ્ટાઈનમાં ઈઝરાયલબ બેફામ બોમ્બમારો કરી રહ્યું છે. ગાઝામાં વિસ્થાપિતોની સંખ્યા ૮૪,૪૪૪ જેટલી વધી જતાં હવે ૪૨૩,૩૭૮ પર પહોંચી ગઈ છે.

જ્યારે હ્યુમન રાઈટ્સ વોચે ઈઝરાયલ સામે ગાઝા અને લેબેનોનમાં તેના સૈન્ય અભિયાન દરમિયાન સફેદ ફોસ્ફરસ હથિયારોનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે આવા હથિયારોના ઉપયોગથી નાગરિકોને ગંભીર અને લાંબા ગાળાની ઈજાઓ પહોંચવાનો ખતરો વધી ગયો છે. જોકે ઈઝરાયલી સૈન્યએ ગાઝામાં આવા કેમિકેલ વેપન્સ (રાસાયણિક હથિયારો) વાપરવાના અહેવાલો નકારી કાઢ્યા છે. જોકે હ્યુમન રાઈટ્સ વોચે કહ્યું કે તેણે ૧૦ ઓક્ટોબરે લેબેનોન અને ૧૧ ઓક્ટોબરે ગાઝામાં લેવાયેલા વીડિયોને વેરિફાઈ કર્યા છે. જેમાં ગાઝા સિટી પોર્ટ અને ઈઝરાયલ-લેબેનોનની સરહદ સાથે બે ગ્રામીણ સ્થળોએ તોપખાનાથી ઝિંકાયેલા સફેદ ફોસ્ફરસના અનેક હવાઈ વિસ્ફોટ દેખાયા હતા. આંતરરાષ્ટ્રીય સંમેલન હેઠળ સફેદ ફોસ્ફરસને રાસાયણિક હથિયાર તરીકે પ્રતિબંધિત નથી.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો સાતમો દિવસ

# ઈઝરાયેલે ૨૫૦ બંધક છોડાવીને ૬૦ આતંકવાદીઓને ઠાર કર્યા

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો આજે સાતમો દિવસ છે, ઈઝરાયેલ સેનાએ તેના સોશિયલ મીડિયા ઓફિશિયલ એકાઉન્ટ પર 'ખતરનાક ઓપરેશન' વીડિયો જારી કર્યો

। તેલ અવીવ, તા.૧૩ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો આજે સાતમો દિવસ છે, ત્યારે હમાસે શરૂ કરેલું યુદ્ધ તેને જ ભારે પડી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. હુમલા બાદ ઈઝરાયેલી સેના પણ આક્રમક જવાબ આપી રહ્યું છે.

સેના આતંકવાદીઓનો ખાતમો બોલાવવા અને બંધકોને છોડાવવા તમામ પ્રયાસો કરી રહી છે, ત્યારે સેનાએ તેના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક 'ખતરનાક ઓપરેશન' વીડિયો જારી કર્યો છે. વીડિયોમાં સેનાએ હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ એક સફળ



ઓપરેશન કર્યું હોવાનું જોવા મળી રહ્યું છે. વીડિયોમાં ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સ (આઈડીએફ)ના જવાનો એક પરિસરમાં ઘુસતા જોવા મળી રહ્યા છે. અહીં આતંકવાદીઓ દ્વારા બંધક બનાવાયેલ લોકોને સેના છોડાવી રહી છે. ૭ ઓક્ટોબરના આ ઓપરેશનનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી સેનાએ લખ્યું છે કે, ઈઝરાયેલી સેનાએ ગાઝા સરહદ નજીક એક મોટું લાઈવ ઓપરેશન પાર પાડ્યું. આ દરમિયાન આતંકવાદીઓએ બંધક બનાવેલ ૨૫૦ લોકોને સુરક્ષિત છોડાવ્યા અને હમાસના ૬૦ આતંકવાદીઓ પણ ઠાર કર્યા.

વીડિયોમાં એક ડઝનથી વધુ સૈનિકો લોકેશન મુજબના ઈમારતમાં જતા પહેલા ઘણી ઈમારતોની અંદર જતા જોવા મળી રહ્યા છે. સૈનિકો હમાસ સરહદ ચોકીની પાછળથી ફાયરિંગ કરતા અને ગ્રેનેડ ફેંકતા જોવા મળે છે.

## તંત્રી લેખ...

# ભારત માટે સાવધાની

માલદીવની ચૂંટણીનાં પરિણામો થોડા દિવસો પહેલાં જાહેર થયા છે, જે ભારતના પાડોશી પરિઘના સંબંધોમાં એક નવું જોખમી પરિબળ છે. વિજેતા સ્વરૂપે ઉભરી રહેલા નેતા મોહમ્મદ મુઈજ્જુ વરસોથી એમનાં ભાષણોમાં ભારત વિરોધી એજન્ડા ચલાવતા રહ્યા છે. મુઈજ્જુને એના પૂર્વ પ્રેસિડેન્ટ યામીનનું સમર્થન છે, જે યામીન પણ પોતાની ચીન તરફી અને ભારત વિરોધી નીતિ માટે કુખ્યાત છે. હવે આ મુઈજ્જુના સત્તાકાળમાં ભારતને એવો અગ્રતાક્રમ નહીં મળે જેવો એક પાડોશીને નાતે મળવો જોઈએ. બીજી તરફ ભારતમાં આજ સુધી અનેક બાબતોમાં વિશ્વાસે વહાણ ચાલતાં હતાં, પરંતુ એવો વિશ્વાસ હવે કોઈએ કોઈના પર મૂકવાનો જમાનો નથી. સરકાર આજકાલ પોતાના આંતરિક સુરક્ષા તંત્રને વાઘનખ પહેરાવવાની ફિરાકમાં છે. દેશની તપાસનીશ સંસ્થાઓની સત્તા પણ વધી રહી છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય નામે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરનારાઓ છેક જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં પણ મોજૂદ હોય છે એ પાછલા વરસોમાં આખા દેશે જોયું છે. આપણા દેશમાં બુદ્ધિજીવીઓનો એક વર્ગ એવો છે કે તેઓ વિચાર કર્યા વિના કોઈને પણ ટેકો આપીને ડિબેટમાં ઝંપલાવે છે. પછીથી ખબર પડે છે કે તેઓ જેમને સમર્થન આપતા હતા એ તો આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ (આઈએસ)નો બાતમીદાર હતો. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ દક્ષિણ ભારતનાં વિવિધ રાજ્યોમાં પથરાયેલી આઈએસની જાળને તોડી છે અને સંખ્યાબંધ નવયુવાનોને આઈએસ તરફ આગળ વધતા રોક્યા છે. ગઈકાલે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાની રાષ્ટ્રવ્યાપી ઓફિસો પર દરોડા પાડયા છે. છતાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને સારી રીતે કામ કરવા માટે સત્તાઓ ઓછી પડે છે. જોકે થોડા સમય પહેલાં કેન્દ્ર સરકારે હવે આ એજન્સીની સત્તામાં એકાએક ધરખમ વધારો કરી દીધો છે. એનઆઈએ સંશોધન વિધેયકને સંસદના બન્ને ગૃહમાંથી મંજૂરી તો ક્યારનીય મળી ગઈ છે, પરંતુ એની અમલવારી હવે શરૂ થઈ છે. વિરોધ પક્ષોએ આ વિધેયક પસાર થયા પછી એના દુરુપયોગ વિશે આશંકાઓ વ્યક્ત કરી, પરંતુ સરકારે ખાતરી આપી કે એનો રાજકીય રીતે દુરુપયોગ નહીં થાય, પછી આ વિધેયકને મંજૂરી મળી છે. એક દાયકા જુની એનઆઈએની રચના તત્કાલીન યુપીએ સરકારે કરી હતી. ઈ.સ. ૨૦૦૮ના મુંબઈ પરના આતંકવાદી હુમલા પછી યુપીએ સરકારે વિશેષ અને આક્રમક હેતુઓથી આ એજન્સી રચી હતી. હમણાં એનઆઈએ સંશોધક વિધેયક અંગેની ચર્ચા વખતે જે આંકડાઓ રજૂ થયા એ રસપ્રદ છે. એ પ્રમાણે ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન આ તપાસ એજન્સી દ્વારા કુલ ૮૦ મામલાઓ નોંધવામાં આવ્યા, એટલે કે રજિસ્ટર્ડ થયા અને એની તપાસ હાથ ધરવામાં આવી. ૨૦૧૪ પછી એટલે કે એનડીએ સરકાર સત્તામાં આવી પછી ૨૦૦ કેસ રજિસ્ટર્ડ થયા અને એમાંથી ૧૨૯ કેસમાં તો ચાર્જશીટ પણ ઘડાઈ ગઈ. એમાંના મોટાભાગના કેસ ચાલી ગયા અને અપરાધીઓને સજા પણ થઈ ગઈ. એનઆઈએ આતંકવાદી ઘટનાઓ અટકાવવામાં બહુ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે, પરંતુ હવે કેટલીક આગોતરી તરતપાસ પણ આ એજન્સી કરશે. સંશોધન વિધેયક પસાર થઈ જવાથી આ એજન્સી માનવ તસ્કરી, જાલી નોટ, પ્રતિબંધિત હથિયારોનું ઉત્પાદન અને વેચાણ તથા સાયબર ક્રાઈમ ક્ષેત્રે પણ તરાપ મારશે અને મહત્ત્વની કામગીરી કરશે.

## નિત્ય નૂતન, નિત્ય વર્ધમાન વ્હાલના વારસદારો : સિનિયર સીટીજન

ભારત વિશ્વનો સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે. પરંતુ યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના તાજેતરના એક રિપોર્ટ મુજબ ભારતમાં વૃદ્ધોની સંખ્યા ખૂબ ઝડપથી વધી રહી છે અને ‌‌યંગ ઈન્ડિયા' આવનારા સમયમાં ‌‌ઓલ્ડ એજ ઈન્ડિયા' બની જશે. ઈન્ડિયા એજિંગ રિપોર્ટ - ૨૦૨૩ મુજબ ૨૦૨૧માં ભારતની કુલ વસ્તીમાં વૃદ્ધોની સંખ્યા ૧૦.૧ ટકા હતી, જે ૨૦૩૬માં ૧૫ ટકા થશે અને ૨૦૫૦માં અધધ વધીને ૨૦.૮ ટકા સુધી પહચી જશે. ચાલુ સદીના અંતે ભારતની કુલ વસ્તીમાં ૩૬ ટકા વૃદ્ધો હશે. વૃદ્ધોની વધતી સંખ્યાને બે અલગ-અલગ દૃષ્ટિકોણથી જોવાઈ રહી છે. હકારાત્મક દૃષ્ટિકોણમાં વૃદ્ધો અનુભવનું અત્તર છે અને નકારાત્મક દૃષ્ટિએ વૃદ્ધો સમાજ પરનો એક મોટો ભાર છે. સકારાત્મક વિચાર અપનાવી વૃદ્ધોને જો તેમની ઉંમરના પ્રમાણમાં કોઈ રચનાત્મક કાર્ય સાથે જોડવામાં આવે તો તેઓ માનસિક - શારીરિક રીતે સ્વસ્થ રહેશે અને સમાજ માટે ઉપયોગી સાબિત થશે. ઈન્ડિયા એજિંગ રિપોર્ટ વૃદ્ધોને સાચવવાના પડકાર સાથે એક અવસર તરફ પણ આપણું ધ્યાન દોરે છે. આ અંગે સરકાર કે લાગતીવળગતી સંસ્થાઓએ એક મૂલ્યવાન રોડ મેપ તૈયાર કરવાની જરૂર છે. જેમાં વૃદ્ધ વ્યક્તિઓના સ્વાસ્થ્ય અને સુરક્ષા સંબંધિત વ્યવસ્થા ઉપરાંત તેમનું જીવન પ્રવૃતિમય રહે તે માટે પણ વિશેષ યોજના બને. તેમની આર્થિક જરૂરિયાતને સહાય ઉપરાંત ગૌરવયુક્ત કાર્ય આપીને પૂર્ણ કરાય, જેથી તેઓ પોતાને ઓશિયાળા, પરાવલંબી મહેસૂસ ના કરે. ‌‌યંગ ઈન્ડિયા'' આવનારા સમયમાં ‌‌ઓલ્ડ એજ ઈન્ડિયા'' બની જશે. ઈન્ડિયા એજિંગ રિપોર્ટ - ૨૦૨૩ મુજબ ૨૦૨૧માં ભારતની કુલ વસ્તીમાં વૃદ્ધોની સંખ્યા ૧૦.૧ ટકા હતી, જે ૨૦૩૬માં ૧૫ ટકા થશે અને ૨૦૫૦માં અધધ વધીને ૨૦.૮ ટકા સુધી પહચી જશે. ભારતમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે ત્યારે આપણા બધાની જવાબદારી છે કે તેમને સમાજ સાથે એકીકૃત કરવામાં આવે, જ્યાં તેઓ સામાજિક પરિસ્થિતિઓ સુધારવા માટે નધપાત્ર યોગદાન આપી શકે. વૃદ્ધત્વ હોય એટલે સમસ્યાઓ હોય જ. પરંતુ આપણે તેમની ‌‌સમસ્યા'ને ‌‌સમાધાન'માં બદલવાની છે. આ દિશામાં ભારતે અગાઉથી આવકાર્ય કાર્ય આરંભી દીધું છે. ભારતમાં વૃદ્ધોના આરોગ્ય, આર્થિક અને સમાજિક પરિમાણોની વૈજ્ઞાનિક તપાસ માટે દેશમાં એક વ્યાપક અને મોટો રાષ્ટ્રીય સર્વે - **Longitudinal Aging Study in India - (LASA)** - હાથ ધરવામાં આવ્યો છે. જેના વિવિધ આયોજનોમાં સિનિયર સિટિઝનો માટે વિશેષ સ્ટાર્ટઅપ યોજના અને રાષ્ટ્રીય હેલ્પ લાઈન જેવા નવતર પ્રયોગોય સામેલ છે. આ ભારતનું પ્રથમ અને વિશ્વનું આજ સુધીનું સૌથી મોટું સર્વેક્ષણ છે. એના દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે રાષ્ટ્રીય નીતિ ઘડાશે, જે તેમને ગૌરવશાળી જીવન પ્રદાન કરશે. આ મુદ્દાને ભાવનાત્મક રીતે ય મૂલવવાની જરૂર છે. જેમ સરકારે વૃદ્ધો માટે વિશેષ વિચાર કરવાનો છે તેમ વૃદ્ધોએ પોતાના માટે પણ વિચારવું રહ્યું. ‌‌વાર્ધક્ય એ વિનાશની નહીં પણ વિકાસની પ્રક્રિયા છે.' - આ સત્ય વડીલોએ સમજવાની જરૂર છે. માણસો વધતી વયથી ડરીને કહેતા હોય છે કે, ‌‌મને મૃત્યુનો ડર નથી, પણ વૃદ્ધોની સમસ્યાઓ જોઉં છું ત્યારે ડર લાગે છે.'

# વેદમાતા ગાયત્રીનું શુદ્ધ સ્વરૂપ, દેવી ભાગવતમાં ગાયત્રીની ત્રણ શકિતઓને બ્રાહ્મી, વૈષ્ણવી અને શાંભવી, સ્વરૂપમાં દર્શાવાયી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આવતીકાલથી આસો નવરાત્રી એટલે કે અશ્વિન નવરાત્રીની શરૂઆત થાય છે અને આપણે ત્યાં મા ભગવતીના વિવિધ સ્વરૂપોની સ્થાપના કરી તેની આરાધનાનું એક સુંદર પર્વ દર વર્ષે લોકો ગરબા ગાઈને પૂર્ણ શ્રદ્ધાથી ઉજવે છે. આ વખતે ગરબાનું આયોજન કરનારા માટે સરકારે એક નવો નિયમ જાહેર કર્યો છે, કે એમણે સ્થળ પર ડોક્ટરની ટીમ સાથે ૧૦૮ હાજર રાખવી પડશે. કેટલાંય વર્ષોથી આપણે ત્યાં ખેલૈયાઓ દ્વારા આ રીતે નવરાત્રી ઉજવવામાં આવે છે,પણ આવો કોઈ નિયમ લાગુ પડ્યો નથી. પરંતુ હાલમાં કરોના પછી યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ અધધધ રીતે વધી ગયું છે, અને ગરબા રમતી વખતે જુસ્સામાં હદય પર દબાણ વધી શકે, કોઈને આટલી ભીડને કારણે સોફોકેશન થાય અને મુંજાઈ જાય, અને ઓક્સિજન પૂરો ન મળે, કોઈને અન્ય કારણોસર કંઈ તકલીફ થાય. તો મિત્રો આ બધી બાબતો ધ્યાનમાં રાખીને ગરબા રમવા જવું. આમ પણ મા જગત જનની ભાવની ભૂખી છે, તો આપણે જ્યાં હોઈએ ત્યાંથી એને શુદ્ધ હદયથી ભજીએ. મા દુર્ગાને લોકો તન મન અને ધનથી સમર્થ બનવા ભજતાં હોય છે. સમર્થ બનવા માટે મા જગતજનનીના ચરણે વિવિધ ભાવ ભોગરૂપે ચડાવતા હોય છે. આ ઉપરાંત આપણે ત્યાં માને કૃપા કર્તા તેમજ કોપ કારી તરીકે પણ સ્વીકારવામાં આવી છે, એટલે કે કોઈ ભૂલ થઈ જાય તો એ કુળનું નિકંદન કરનારી છે, જેમ કે સીતામાતાએ રાવણ કુળ માર્યું હતું, અને દ્રૌપદીએ કૌરવ કુળનો નાશ કર્યો હતો. માનવી સ્થૂળ શરીરથી તો માત્ર ક્રિયા કરી શકે, પરંતુ આ સ્થૂળ શરીરને ચલાવવા માટે તેને બુદ્ધિ તત્વની જરૂરત પડે છે અને આ બુદ્ધિના ઘણા સ્વરૂપો છે, જેને કારણે તે સજ્જન પણ બની શકે, અને દુર્જન પણ કહેવાય શકે, જો બુદ્ધિમાં સાત્વિકતા વધુ હોય તો એ સજ્જન અને બુદ્ધિમાં સાત્વિકતાની બદલે તામસતા વધુ હોય તો એ દુર્જન બની શકે. જે ખેલ છે એ બધા બુદ્ધિના જ છે, એ સૌ કોઈ જાણે છે, અને એટલે જ બુદ્ધિમાં સાત્વિકતા લાવવા માટે આપણે ત્યાં સૌ મા ભગવતીનું શરણું ગ્રહણ કરતા હોય છે.

તો બુદ્ધિમાં સાત્વિકતા આવે એ માટે સૌથી સરળમાં સરળ કોઈ મંત્ર હોય તો એ ગાયત્રી મંત્ર છે, અને એના નિયમિત જાપ કરવાથી આપણી બુદ્ધિમાં સાત્વિકતા વધે છે, એવા કેટલાય પ્રયોગો પ્રતિપાદિત કરી શકાય છે, અને એના પરિણામો પણ બહુ વ્યાપક રીતે મળે છે. બુદ્ધિમાં સાત્વિકતા આવવી એટલે શું? અથવા એ કેમ ખબર પડે? અન્ય ને હેરાન કરવાની બદલે એને મદદ કરવાની ઈચ્છા થાય તો સમજવું કે બુદ્ધિ સાત્વિક થવા લાગી છે, અને આવી બુદ્ધિ સાત્વિક કરનારી મા ગાયત્રી વિશે થોડું જાણીએ.

વેદમાતા ગાયત્રીની સાધના કે ઉપાસના સર્વશ્રેષ્ઠ માનવામાં આવેલ છે. ગાયત્રીની દેવી તરીકે પણ પૂજા થાય છે, અને સવિતા દેવ તરીકે પણ પ્રચલિત છે. ચારે વેદોની ઉત્પત્તિ પણ મા ગાયત્રી દ્વારા થઈ હોવાનું મનાય છે, તેથી તેને વેદમાતા પણ કહે છે. બ્રહ્માના તપથી ગાયત્રી અને સરસ્વતી પ્રકટયાં, અને વળી બંનેને બ્રહ્માની પત્નીઓ માનવામાં આવી છે. એટલે જ આ મંત્રની સાધના કરનારને જ્ઞાન વધે છે, અને મા સરસ્વતી પ્રસન્ન થતા કલા કે વિદ્યા નુ વરદાન પ્રાપ્ત થાય છે.તેમજ બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરનાર દેવ હોવાથી વિવિધ સર્જન કાર્ય પણ કરી શકે છે. ગાયત્રી મંત્રની જેણે સાધના કે ઉપાસના કરી હશે, તે સર્વને તેના અનુષ્ઠાનના નિયમોનો ખ્યાલ હશે જ, કે ગાયત્રી મંત્રની સાધના બ્રહ્મમુહૂર્તથી સૂર્યોદય સુધીના સમયમાં અને તે પછીનો થોડા જાપ સૂર્યની હાજરીમાં કરવામાં આવે છે. અનુષ્ઠાનની ફળશ્રુતિ રૂપે ઉગતા સૂર્યની તેજસ્વિતા કપાળે અંકિત થાય છે, અને લલાટમાં સમજણનું ત્રીજું નેત્ર ખુલે છે. દેવી ભાગવતમાં ગાયત્રીની ત્રણ શકિતઓને બ્રહમી,વૈષ્ણવી,અને શાંભવી, સ્વરૂપ માં દર્શાવવામાં આવી છે. સવારના સમયે કુમારી (બ્રાહ્મી) સ્વરૂપે હોય છે.

માતા ગાયત્રી પણ ભગવાન શંકરની જેમ પંચમુખ ધરાવે છે. એમાં ગાયત્રીનું વાહન હંસ હોય છે, અને પાંચમુખ તેમજ બે હાથ હોય છે. બપોરના સમયે યુવતી વૈષ્ણવીનું સ્વરૂપ માનવામાં આવ્યું છે, આ રૂપમાં તેઓ ગરુડ પર બેઠાં હોય છે, અને ત્યારે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. સંધ્યા સમયે પ્રૌઢાના સ્વરૂપમાં રુદ્રાણી કે શાંભવી હોય છે,ત્યારે તેઓનું વાહન બળદ હોય છે.એ વખતે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. આમ અંબાજીમાં ને બહુચરાજીમાં પણ આપણે જોયું હતું કે શરીરની ત્રણ મુખ્ય અવસ્થા પ્રમાણેનાં રૂપ સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે.

શાસ્ત્રોના કહેવા પ્રમાણે એકવાર ભગવાન બ્રહ્માં એક યજ્ઞમાં ગયા હતા. આ યજ્ઞમાં પત્નીનું સાથે બેસવું જરૂરી હતું.પરંતુ ભગવાન બ્રહ્માંની પત્ની સાવિત્રી તેમની સાથે કોઈ કારણ ને લીધે આવી ન હતી. યજ્ઞમાં હાજરી આપવા માટે બ્રહ્માંજી એ દેવી ગાયત્રી સાથે લગ્ન કરી લીધા,અને તેની સાથે તે યજ્ઞમાં હાજર રહ્યા. માતા ગાયત્રી આ રીતે બ્રહ્માના પત્ની બન્યા. ભારતનાં મધ્યપ્રદેશ ખાતે ગાયત્રી માતાનું એક રહસ્યમય મંદિર છે, જેમાં ગાયત્રીની મૂર્તિ પાણીમાં તરે છે, અને તેને કારણે વિવિધ અટકળો કરવામાં આવે છે. છતાં તે મૂર્તિ ક્યારે સ્થાપિત થઈ, અને કોણે કરી એ રહસ્ય અકબંધ છે.

ભગવાન નૃસિંહના પ્રસિદ્ધ મંદિરમાં નૃસિંહની મૂર્તિ પણ પાણીમાં તરે છે, અને માતા ગાયત્રીની મૂર્તિ પણ પાણીમાં તરતી હોય તેવું દ્રશ્ય અહીં મંદિરમાં છે. દેવ કે દેવીના ત્રણ મુખ, અથવા ચાર ભુજા વાળી મૂર્તિ હોય, તે સામાન્ય વાત છે. પરંતુ આ એક પહેલી મૂર્તિ છે. જેના ત્રણ પગ છે. આ મંદિરનાં પુજારીનાં મત અનુસાર ત્રણ પગ વાળી મુર્તિ આ મંદિર સિવાય કોઈ પણ મંદિરમાં નથી. ગાયત્રીમાની આ મૂર્તિને ત્રિપદા ગાયત્રી કહેવામાં આવે છે, અને આ મંદિરમાં માંગવામાં આવેલી બધી કામના પૂર્ણ થાય છે.

પુરા ભારત તથા ગુજરાતમાં મોટી સંખ્યામાં ગાયત્રી મંદિર આવેલા છે, અને ગાયત્રી મંત્રનો ખૂબ જ બહોળા પ્રમાણમાં તેનો જાપ થાય છે. ગાયત્રી મંત્રના જાપથી સદબુદ્ધિ આવે છે, અને બુદ્ધિ ત્રણે સ્તરે ગતિ કરે છે. આજથી લગભગ ૪૦થી ૪૫ વર્ષ પહેલા મારા પૂજ્ય અને શ્રદ્ધેય સર્વ સમર્થ સદગુરુ ભગવાન શ્રી પંડિત રામ શર્મા આચાર્ય એ યુગ નિર્માણ માટે વિચાર ક્રાંતિ અભિયાન શરૂ કર્યું, અને આ બધાં ગાયત્રી શક્તિપીઠ મંદિરોમાં જોરશોરથી આવી પ્રવૃત્તિ ચાલે છે.તેનુ મુખ્ય મથક હરિદ્વાર ખાતે શાંતિકુંજ છે. અહી લોકો સાધના માટે, કે રોગ ઉપચાર માટે પણ આવે છે. વ્હેલી પ્રભાતે એટલે કે બ્રહ્મ મુહૂર્તમાં ધ્યાન કરવા માટે અલગ ખંડની રચના છે, ગર્ભ સંસ્કાર માટે પણ વિધિ છે, અને આર્યુવેદની દવાનું વિતરણ તથા અગરબત્તી વગેરેનો ગૃહ ઉદ્યોગ પણ ચાલે છે, મંત્ર લેખન ઉપરાંત સદગુરુદેવની નાની મોટી પુસ્તિકાનું વિતરણ પણ થાય છે. આજનું ચિંતનનો આ લેખ લખનારના એ સદગુરુ દેવ છે, અને આ નિરંતર વહેતો પ્રવાહ એની કૃપાનો પ્રતાપ છે. લોકો ગાયત્રી મંત્ર, ઉપરાંત ગાયત્રી ચાલીસા અને ગાયત્રી શતકના પણ નિયમિત પાઠ કરે છે, અને ગાયત્રી મંત્ર લેખન માટે બુક વિતરણ પણ થાય છે.

મા જગતજનનીનું ગમે તે સ્વરૂપ હોય, પણ તેનાં દર્શન માત્રથી પતિત ભાવ મીટે છે, અને પુનીત પ્રગટે છે,તેના નિત્ય સ્મરણથી જીવનમાં બળ બુદ્ધિ વધે છે, અને વિશિષ્ટ સાધના કે આરાધનાથી વિદ્યાના વરદાન પ્રાપ્ત થાય છે. આપણે સૌ પણ આ નવરાત્રી મા જગત જનનીના સાનિધ્ય ને હૈયામાં પામીએ, અને બુદ્ધિ ને મા વેદમાતા ગાયત્રીની કૃપાથી શુદ્ધ અને સાત્વિક કરી શકીએ એ રીતે એને આરાધિયે.

# સર્વે ભવન્તું સુખીનઃ સર્વે સન્તું નિરામયા! સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચીત્ દુઃખભાગ્ ભવત્ !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



આજે ભાદરવી અમાસ સર્વ પિતૃશ્રાદ્ધ સાથે શ્રાદ્ધ પક્ષ પુરો. આવતી કાલથી આસો માસના નવલાં નોરતાંની રમઝટ જામશે ત્યારે આપણે વિશ્વ યુદ્ધ નહી વિશ્ર્વ શાંતિ માટે પ્રાર્થના કરીએ. રશિયા યુક્રેન. ઈઝરાઈલ હમાસ જ નહી જ્યાં ખૂનામરકી થાય છે ત્યાં શાંતિ એકતા ભાઈચારાની ભાવના પ્રગટે વિશ્ર્વ શાંતિનો ઉત્સવ ઉજવીએ. સ્વરછતા અભિયાનની પોકળ વાતો છોડી શાંતિ માટે સાચી પ્રાર્થના કરીએ. શરીરથી નહીં પણ મનથી રોજ ગોકળમાં જાઓ. મનથી મથુરા જાઓ. શરીર ગમે ત્યાં હોય, મન ને વૃંદાવનમાં મોકલો. ભાવના કરો કે યશોદાની ગોદમાં બાલકૃષ્ણ છે, દર્શન કરવા દોડતી જાય છે. લાલાની એક એક લીલાનું એમ સિંચન કરો. જ્ઞાનમાર્ગમાં ભેદનો નિષેધ કરવામાં આવે છે. ભક્ત ભક્તિ દ્વારા ભગવાન સાથે એક મન ગોપીઓ છે,બંને ધ્યેય એક જ છે. ભક્તિમાં આરંભમાં ભેદ છે. પછી ભક્ત અને ભગવાન એક બને છે.જગતનું ભાન છે ત્યાં સુધી દર્શનમાં સાચો આનંદ મળતો નથી દેહનું ભાન છે ત્યાં સુધી ફક્ત એક દર્શન થતું નથી.ધ્યાન વગરઈમારત નો સાક્ષાત્કાર થતો નથી. વસુદેવ- દેવકીએ અગિયાર સતત ધ્યાન કરેલું. ધ્યાન કરનારો હું ધ્યાન કરું છું તે પણ ભૂલે છે. જગતને ભૂલે છે. ઈશ્વર ભાવ બાકી રહે છે.આનું નામ અદ્વૈત છે.સંતોના જીવનને જોઈએ તો જણાશે કે, સંતોએ બહુ દુઃખ ભોગવ્યું છે. સંતો દુઃખી થાય છે તો પણ તેમના મન ઉપર દુઃખની અસર થતી નથી.નરસિંહ મહેતા નાં પત્ની મરણ પામ્યાં તો મહેતા જીએ ગાયું,"ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજશું શ્રી ગોપાળ વૃંદાવનમાં સાધુઓ નંદમહોત્સવ ના અઢાર શ્લોકનો રોજ પાઠ કરે છે અને રોજ નંદ મહોત્સવ કરે છે. મનથી ભાવના કરવાની અને મન થી વૃંદાવન જવાનું. શરીર ગમે ત્યાં હોય,પણ ભાવના કરો કે,નંદબાબાના મહેલ માં છું. યશોદાની ગોદમાં કનૈયો બેઠો છે,ગાયો કૂદાકૂદ કરે છે,ગોપી ઓ થૈ નાચે છે. એના સ્મરણથી આખો દહાડો આનંદમાં જશે.એક સ્વરૂપનું ધ્યાન કરવાનું ન બને. શ્રી કૃષ્ણ લીલાનું કીર્તન કરો.

નંદબાબા નું ગોકુળ પ્રેમભૂમિ છે.હું સુખી થાઉં અને બીજાને સુખી ન કરું એવી ભાવના હશે તો સુખ તમારો ત્યાગ કરશે,પરંતુ બીજાને સુખી કરવાની ઈચ્છા કરવાવાળો કોઈ દિવસ દુઃખી થતો નથી.નવમીના દિવસે સવારે ચાર વાગે ગોકુળમાં આનંદ મહોત્સવ થયો હતો,તેથી નંદ મહોત્સવ બ્રાહ્મ મુહુર્તમાં કરવા નો. પ્રાતઃકાળમાં વહેલા ઊઠી અડધો કલાક ધ્યાન કરો, ઈશ્વર સાથે એક બનો. બાર વર્ષ નિયમ પૂર્વક આ પ્રમાણે કરો તો અનુભવ થશે. પ્રાતઃકાળમાં ધ્યાન, પ્રાર્થના કર્યા છે.તો આખો દિવસમાં આનંદ માં જશે. કંઈ ન બને તો આંખો બંધ કરો.આનંદ મહોત્સવનું ધ્યાન કર જો,તેથી મન શુદ્ધ થશે.શ્રાવણ વદી દ્વાદશીના દિવસે ભગવાન શંકર ગોકુળમાં પધાર્યા. શંકર યોગેશ્વર અને શ્રીકૃષ્ણ યોગેશ્વર છે. ભગવાન શંકર નિવૃત્તિ ધર્મ નો આદર્શ બતાવે છે. શ્રીકૃષ્ણ પ્રવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે. બધી પ્રવૃત્તિ કરે છે, છતાં કોઈ પ્રવૃત્તિમાં આસક્તિ નથી. પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિ નિવૃત્તિ સમાન છે. ભગવાન શંકર કહે છે કે,જેને બ્રહ્માનંદ લેવો છે તેને થોડી નિવૃત્તિ લેવી જ પડશે.શિવજી ગામમાં પણ વધારે વખત રહેતા નથી, સ્મશાનમાં રહે છે. શિવજી કહે છે ધ્યાનાનંદ. ભજના નંદ લેવો હોય તો થોડી પ્રવૃત્તિ ઓછી કરો.એક ખેડૂતને બે કન્યા ઓ. તેમાંથી એક કુંભારને આપેલી અને બીજી ખેડૂતને આપેલી. પિતાએ કન્યા ખેડૂતને આપેલી તેના ઘરે આવ્યા. કન્યાને પૂછ્યું, કેમ બહેન,કેમ છે?કન્યાએ કહ્યું કે,આ વરસાદ પડતો નથી. વરસાદ પડે તો લીલા લહેર છે તે પછી કુંભારને આપેલી કન્યાને ઘરે આવ્યા અને કન્યાને કુશળ સમાચાર પૂછ્યા. તે કન્યાએ કહ્યું, માટીનાં વાસણ તૈયાર કર્યા છે. તેના માટે ભઠ્ઠી ચડાવવી છે.

એકવાર વાસણ તૈયાર થઈ જાય પછી વરસાદ પડે તો સારું!આ બાપ-દીકરીઓની કથા નથી. જીવમાત્ર ની પ્રવૃત્તિ અને નિવૃત્તિએ બે કન્યા ઓ છે. આ કન્યાઓ એક સાથે રહી શકે નહીં.એક દુઃખી થશે ત્યારે બીજી સુખી થશે. નિવૃત્તિનો આનંદ લેવો હોય તો પ્રવૃત્તિનો મનથી ત્યાગ કરો.શરીરમાં શક્તિ હોય ત્યારે વિવેકથી ધીરે ધીરે પ્રવૃત્તિ ઓછી કરો, પ્રભુ માટે થોડો સમય કાઢો.વાતો બ્રહ્મજ્ઞાનની કરે અને પ્રેમ પૈસા સાથે કરે,સ્ત્રી સાથે કરે, સંસારના જડ પદાર્થ સાથે કરે છે એને કોઈ દિવસ બ્રહ્મજ્ઞાન પચે નહીં જગત ખોટું છે એમ બોલવા માં લાભ નથી, પણ જગત ખોટું છે એમ માની જગતમાં રહેવાનું છે. વ્યવહાર ખોટો છે તેમ માની વ્યવહાર કરો. યોગીશ્વર અને યોગેશ્વરનું આ મિલન છે.ભગવાન શંકર એકલા શ્રાવણ શ્રીકૃષ્ણ દ્વાદશીને દિવસે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા જાય છે, ત્યારે તેમના ખાસ ગણ શ્રૃંગીભૃંગી કહે છે કે,અમે પણ તમારી સાથે આવીશું.ભજન અને દર્શન એકલાં કરવાં, કારણ કે બીજા સાથે હોયતો બીજાના રજો ગુણ આપણામાં આવે છે. દર્શન એકચિત્તે કરો. દર્શન કરી મંદિરમાં ઓટલે બેસવાનું અને ચિંતન કરવા નું કે,ઠાકોરજીનું જે સ્વરૂપ જોયું તે બીજા દિવસ સુધી આંખ માંથી અને મનમાંથી ખસે નહીં. દર્શન કર્યા પછી ઠાકોરજીને ઘરે લઈ જાય એનાં દર્શન સાચાં. ઈશ્વર સિવાય કોઈનો પણ સાથ રાખવો નહીં. જીવ દગાખોર છે.જીવ અભિમાની છે. સંતની દૃષ્ટિ પરમાત્માનાં કોઈ સ્વરૂપમાં ઠરેલી જ હોય બાહ્ય દૃષ્ટિ નીચી જ હોય છે. શંકરની દૃષ્ટિ બ્રહ્મમાં જ હતી. શ્રૃંગીએ અને ભંગીએ સાથે થવા કહ્યું, ત્યારે શંકરેના પાડી. કહે કે તમે સાથે આવો તો મારાં મહાત્મા ઓ અનેક રીતે શંકરની આ લીલા વર્ણવે છે. કહે છે કે, આજ સુધી જે નિરંજન હતા તે આજે અપેક્ષા વાળા બન્યા છે.યશોદાજીનો નિયમ હતો કે, રોજ સાધુ-બ્રાહ્મણ ને ભિક્ષા આપવી. શિવજી સાધુ વેશે પધાર્યા, દાસીએ શિવજી પાસે આવીને કહ્યું, મહારાજ, યશોદાજીએ આ ભિક્ષા મોકલાવી છે, સ્વીકાર કરો અને લાલાને આશીર્વાદ આપો. શિવજી કહે, મારે કાંઈ જોઈતું નથી. માત્ર બાલ કૃષ્ણનાં દર્શન કરાવો! દાસીએ યશોદા પાસે આવીને એ વાત કરી. યશોદાજીએ બારીમાંથી જોઈ કહ્યું મહારાજ, આ ભિક્ષા ઓછી લાગતી હોય તો જે માગો તે આપું, પણ લાલાને બહાર નહીં કાઢું. તમારા ગળામાં સર્પ છે. સર્પ જોઈ લાલો બી જાય,લાલાને બીકલાગે. શિવજી બોલ્યા, મા, તારો કનૈયો કાળનો પણ કાળ છે.તારા બાળક ને કોઈ બીક લાગે નહીં કોઈની નજર પણ લાગે નહીં.યશોદજી કહે કે, મહારાજ, આવી હઠ ન કરો!શિવજીએ કહ્યું કે, લાલાનાં દર્શન કર્યા વગર હું અહીંથી જવા નો નથી.આજે પણ નંદ બાબાના ગામ પાસે આશેશ્વર મહાદેવનું મંદિર છે.આજે પણ શિવજી લાલાનાં દર્શનની આશા એ બેઠા છે.વ્રજ ચોર્યાસીની પ્રદક્ષિણા જીવનમાં એકાદ વખત તો કરવી જોઈએ.

તેથી જીવનનું પાપ બળે છે.વ્રજ ચોર્યાસી પરિ ક્રમા મહાપુણ્ય છે.વ્રજ લીલા ભૂમિ છે, ત્યાં બેસી ધ્યાન કરો તો પરમાત્મા જ તે લીલાનું અસ્ય સમજાવશે. આ બાજુ બાલકૃષ્ણને ખબર પડી કે, શંકરજી આવ્યા છે,પણ મા બહાર કાઢતી નથી. એટલે બહાર નીકળવા તેઓ જોરથી રડવા લાગ્યા. દાસીએ યશોદાને કહ્યું,મા,સાચું કહું. આ પેલો સાધુ બેટો છે, તેના હોઠ હાલે છે. તેણે કંઈક મંત્ર માર્યો છે, તેથી લાલો રડે છે. એટલે એને ખુશ કરો!યશોદામાએ બાલકૃષ્ણને શૃંગાર કર્યો.પછી દાસીને કહ્યું, મહારાજને કહો કે લાલાને જો જો પણ એક નજર નહીં રાખતા ! લૌકિક નામરૂપમાં જેવી આસક્તિ છે, તેથી પ્રભુનાં નામ અને રૂપમાં આસક્તિ થવી જોઈએ. એવી સ્વરૂપાશક્તિ ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. વૃંદાવનમાં બાંકે બિહારી મંદિરમાં એક-બે મિનિટ ટેરો આવે છે. ટેરો એ માયા છે. જીવ ઈશ્વરનાં દર્શન કરે ત્યારે આડો ટેરો આવે છે.મંદિરમાં રાધાજી નું સેવ્ય સ્વરૂપ છે. બાંકે બિહારી બે મિનિટ રાધાજીને અને પછી જગતને દર્શન આપે છે. વાચક ચાહક મિત્રો, આવતી કાલથી નવલાં નોરતાંની રમઝટ જામશે ત્યારે આપણે સૌ શાંતિ એકતા ભાઈચારાની ભાવના સાથે ભકિત શકિત આરાધના ઉપાસના નું પર્વ ઉજવીએ અને ઉમદા ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીએ.

# ગરીબી, મોંઘવારી, ફુગાવા, મણિપુરની હિંસા હૂતાશન વિશે એક હરફ ઉચ્ચારો



કેટલાક લોકો રોતલ હોય છે. ગમે ત્યારે, ગમે તે સ્થળે ફરિયાદ કરતા રહે છે. માનો કે આપણે કૃષિ પ્રધાન નહીં પણ ફરિયાદ પ્રધાન રાષ્ટ્ર છીએ!!! નાની વાતોને મોટું સ્વરૂપ આપે છે. ગજનું રજ અને રજનું ગજ કરે છે. કાગનો વાઘ કરે છે. પેલી બાળ વાર્તા જેવું બાલિશ વર્તન કરે છે. સસલા પર કયાંકથી બોર (એ સસલું પોલિટિશિયન હોત તો બોર આરોગી લેત અને પછી બોર ન ખાવાના ફાયદા વિશે વિગતે વાર્તાલાપ કરે. રાજકારણની આ તાસીર છે. હૈયે હોય તે હોઠ પર ન લાવે અને હોઠ પર હોય તે હૈયે ન ધરે!!) પડે છે અને એ બાપડું આભ તૂટી પડ્યું એવો ભ્રમ, ભ્રાંતિ, અફવા ફેલાવે છે. બોસ, આભ એ કાંઈ ગઠબંધનની સરકાર છે? કોઈ પણ બિલ્લા-રંગા,આલિયા-માલિયા-ધમાલિયા- લાલિયા, એરાગૈરા-નથ્થુગૈરા છે કે ટેકો ખેંચી લે એટલે વિપક્ષી સરકારની જેમ આભનું પતન થાય!! અત્યારે વાતાવરણ પણ સાનુકૂળ છે. ભાદરવાએ ટાટા બાય બાય કર્યું છે. ઘરની વાતાયનમાંથી રાત્રિના અંતિમ પ્રહરે ઠંડો પવન એસીની કસર પૂરી કરી રહ્યો છે. પવન લહેરાઈ રહ્યો છે. પવનના પગના ઠેકાથી વૃક્ષોની શાખા-પ્રશાખા હિંચકો બની ઝૂલી રહી છે. પતંગિયાઓ ઉડાઉડ કરે છે. જો કોઈ અમૃતકાળ હોય તો શરદ ઋતુ જ હોઈ શકે!! આપણે ત્યાં આઝાદીના અમૃત કાળની મહોજવણી ચાલી રહી છે. અમૃતકાળમાં યુનાઈટેડ નેશન્સ, નોન એલાઈડ મુવમેન્ટ એટલે કે નામના બગલબચ્ચા જેવા જી ટ્વેન્ટીનું અધ્યક્ષપદ એ પણ રોટેશન ધોરણે મળ્યું!! (જી ટ્વેન્ટીની સ્થાપના બે હજાર આઠમાં થયેલ. અંત્યોદયની માફક આપણો નંબર રહી રહીને લાગ્યો છે!!) આપણે યુનોના સેક્રેટરી જનરલ બન્યા હોય તેમ સાલ્લા મેં તો સાબ બન ગયા જેમ કેબરે ડાન્સ કર્યો. ગરીબ રાષ્ટ્ર એવા આપણે અમીર દેશોને ભભકાથી ભ્રમિત કરવા જે જે યુક્તિ પ્રયુકતિ કરવી પડે તે કરી છૂટ્યા !!. દૂધની કોથળી અને જી ટવેન્ટીને શું લેવાદેવા?? એના પર પણ જી ટ્વેન્ટીનો લોગો ઠઠાડી દીધો. કોના બાપની ડેરી?? ટોઈલેટ પેપર પણ જી ટ્વેન્ટીનો લોગો લગાડી દીધો હોવાનું રાજુ કરે છે? બિનઆધારભૂત અને અવિશ્વસનીય સૂત્રો કવોટ કરી જણાવે છે. અમેરિકા, બ્રિટન જેવા ગરીબ દેશોએ સોના ચાંદીના પાત્રોમાં ભોજન અન્નપ્રાશન ન કરેલ હોય એટલે સોના ચાંદીના વાસણોમાં જમાડીને તેમની અતૃપ્ત વાસનામુકતિ કરાવી.

# પ્રેગનન્સીમાં ઊલટી થાય છે તો આ ઉપાયોથી રાહત મેળવો, પેટનો ભાગ પણ ખેંચાશે નહીં

પ્રેગનન્સીમાં હેલ્થનું ધ્યાન વધારે રાખવુ પડે છે. આ એક એવો સમય છે જેમાં મહિલાઓના શરીરમાં અનેક નાના-મોટા ફેરફાર થતા હોય છે. આમ તમે પ્રેગનન્ટ છો અને ઊલટીની તકલીફ છે તો આ ઘરેલુ ઉપાયો તમારા માટે બેસ્ટ છે. ગર્ભાવસ્થા દરમિયાન ઊલટી થવી એ સામાન્ય બાબત છે. પરંતુ ઘણાં લોકોને આ સમસ્યા વધારે હોય છે. ઘણી સ્ત્રીઓને પ્રેગનન્સી સમયે ઊલટીની તકલીફ થતી હોતી નથી. આમ વાત કરવામાં આવે તો જ્યારે પણ ઊલટી થાય ત્યારે પેટનો ભાગ ખેંચાય છે અને બીજી કોઈ વસ્તુમાં મન લાગતુ નથી. ગર્ભાવસ્થા દરમિયાન શરીરમાં અનેક નાના-મોટા ફેરફાર શરીરમાં થતા હોય છે જેના કારણે ઊલટીથી લઈને બીજી અનેક પ્રકારની તકલીફ થાય છે. આમ, તમે પ્રેગનન્ટ છો અને તમને ઊલટી વધારે થાય છે તો આ ઘરેલુ ઉપાયો તમારા માટે બેસ્ટ છે. તો જાણો આ વિશે વધુમાં. તમે પ્રેગનન્ટ છો અને ઊલટી થાય છે તો આંમળાનો મુરબ્બો એક ચમચી ખાવાનું શરૂ કરી દો. આંમળામાં રહેલા ગુણો તમારી ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ કરે છે અને સાથે તમને હેલ્ધી રાખે છે. ઊલટીમાંથી રાહત મેળવવા માટે રાત્રે એક ગ્લાસ પાણીમાં કાળા ચણા પલાળી દો.



ત્યારબાદ સવારમાં ઉઠીને આ પાણી પીઓ. આ પાણી પીવાથી તમને ઊલટીની સમસ્યામાંથી રાહત થઈ જશે. આ પાણી ગર્ભાવસ્થા દરમિયાન શરીરમાં પ્રોટીનની ઉણપ પણ પૂરી કરે છે. એકવાર પોતાના ઘરે દિવસ ચઢ્યા બાદ તમારો પ્રેગ્નન્સી ટેસ્ટ કરો અને એ ટેસ્ટ પોઝીટીવ આવે તો તમે ગર્ભવતી છો. દોઢ અથવા પોણા બે મહિના પર તેની પહેલી તપાસ માટે કોઈપણ નજીકની હોસ્પિટલ, મેટરનિટી હોમ અથવા પ્રાથમિક ચિકિત્સા કેન્દ્ર પર જઈ શકો છો. તમારા ડોક્ટર તમને સ્વાસ્થ્ય અંગે, જૂની અથવા પારિવારીક બીમારી વિશે, ડાયાબિટીસ, હાઈપર ટેન્શન, ટીબી, કોઈ બાળકમાં જન્મજાત ખામી વિશેના ઉંડાણપૂર્વક સવાલ જવાબ કરશે અને ત્યારબાદ તમારી શારિરીક તપાસ કરવામાં આવશે. તમારું વજન તેમ જ બ્લડ પ્રેશર ચેક કરવામાં આવશે.

ત્યારબાદ તમારા લોહીની તપાસ કરવામાં આવશે જેમાં હિમોગ્લોબીન, બ્લડ ગ્રુપ, ફાસ્ટીંગ સ્યુગર, થાઈરોઈડ, હિપેટાઈટીસ બી, એચઆઈવી ટેસ્ટનો સમાવેશ થાય છે. તમારા યુરિનની પણ તપાસ કરવામાં આવે છે અને એક સોનોગ્રાફી પણ કરવામાં આવે છે. આ બધા રિપોર્ટમાં કોઈ ખરાબી જણાય તો તેનો યથાયોગ્ય ઉપચાર કરવામાં આવે છે. આ દરમિયાન તમને ફોલિક એસિડ (એક પ્રકારનું વિટામીન) આપવામાં આવે છે જે લેવું ખૂબ જરૂરી છે કેમ કે તેનાથી બાળકનું મગજ અને સ્પાઈનલ કોર્ડ (કરોડરજ્જુ) સારી રીતે વિકસીત થાય છે. શરૂઆતના બે-ત્રણ મહિનામાં બેચેની લાગવી, ઉલ્ટી આવવી સામાન્ય વાત હોય છે અને એના માટે તમે દવા લઈ શકો છો. ત્યારબાદ તમને સાત મહિના સુધી દર મહિને તપાસ માટે બોલાવવામાં આવે છે. આઠમા મહિને દર પંદર દિવસે અને નવમા મહિને દર અઠવાડિયે તપાસ માટે બોલાવવામાં આવે છે. જો હાઈ રિસ્ક પ્રેગ્નન્સી હોય જેમ કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, જોડિયા બાળકો તો જલ્દી પણ બોલાવી શકે છે. ચોથા મહિનાના અંત સુધીમાં (૧૫/૧૬ સપ્તાહે) આપના ડોક્ટક તમારો ટ્રીપલ માર્કરના ટેસ્ટ કરાવશે એનાથી એ ખબર પડે છે.

# ટીનએજર્સમાં ટાસ્ક જીતવાની તાલાવેલી વધતી જોવા મળે છે

આવી અનેક ક્ષણો આવે છે જ્યારે સામાન્ય વ્યક્તિઓ આશા ગુમાવી બેસે, પરંતુ યુસરા જેવી યુવતીઓ અસાધારણ હોય છે જેના માટે તેઓનો ગોલ-ધ્યેય એની દુનિયા અને તેના જીવનનું કેન્દ્રબિંદુ હોય છે એમ કહી સલોની- ધ ફિટનેસ સ્ટારે પોતાની વાત પૂરી કરી. સલોનીએ વાત પૂરી કરતાવેંત વિહા બોલી ઊઠી, "મેમ આ મારી ફ્રેન્ડ ડિમ્પી અને સલોની જોકે, હવે આ વચ્ચે બોલબોલ કર્યા કરતી વિહાથી કંટાળેલી પણ એ કંઈ એમ ગાંજી જાય એવી બિલ્કુલ નહોતી. ગમે તેમ તોય એ એક સેલેબ્રિટી ફિટનેસ સ્ટાર મોડલ હતી, ભલે સોશ્યલ મીડિયા પર તોય શું થયું! એણે વિહા અને નવ્યાને રીતસર બહાર તગેડી મુક્યા, વિહા વીલા મોં એ પાછી ફરી બહાર સોફા પર ફસડાય અને નવ્યા સાથે સલોની તો જો કેવી છે એ મતલબની ગપસપ ચાલુ કરી તો આ બાજુ ડિમ્પીએ સલોનીને ટૂંકમાં



પોતાની આખી વાત વર્ણવી કઈ રીતે વધારે વજનને કારણે તેણીની મમ્મી સુધ્ધાં તેનાથી ભ્રોંઠપ અનુભવે છે અને હવે પછીનો ટાર્ગેટ શું છે તેણીના મનમાં એ પણ કહ્યો. આખી વાત પૂરી કરી બહાર નીકળેલી ડિમ્પી પાછળ "હમમપ વિલ મેઈક યુ વીન ધીઝ કોમ્પિટિશન એન્ડ મેની મોર એમ બોલી તેણીના ખભ્ભા થપથપાવી સલોની પોતાના સેશન માટે જવા રવાના થઈ ગઈ. વિહાને તો આ વાક્ય સંભળાતા જ પેટમાં તેલ રેડાયું.

ડિમ્પીના મેઈક ઓવર અને પછી બ્યુટી પેજન્ટ જો જીતે તો એનો શ્રેય એ પોતાના અને વધીને અમુક મિત્રો સિવાય કોઈ સાથે વહેંચવા માગતી નહોતી પણ, હવે ડિમ્પી જે રીતે સલોનીની સલાહોમાં લપેટાય ગયેલી એ જોતાં મન મનાવ્યા વગર બીજો કોઈ છૂટકો નહોતો એવું તેણીને હાલ ફિલહાલ લાગ્યું. જોકે, બહાર નીકળતા પહેલા સલોનીની મેનેજરે ફીનો જે મસમોટો આંકડો કહ્યો એ સાંભળી ડિમ્પી સહિત ત્રણેયના હાડ બેસી ગ્યા. ઓહો!! એક લાખ એ પણ ખાલી છ મહિના માટે? ડિમ્પી ઉદાસ થઈ ગઈ કારણકે, તેણીને પ્રેમથી ઉછેરનારી માસી તો હવે આ દુનિયામાં રહી નથી અને મોડલ એવી માં તેણીને કોઈ સપોર્ટ કરશે નહીં તો હવે શું કરવું? "લ્યો બગડીને બધી વાત, આટલી લાંબી કથા સાંભળી એ પહેલા જ પૈસાનું પૂછી લેવાની જરૂર હતી.

# શું હવે સપ્તાહમાં માત્ર ચાર દિવસ જ જોબ કરવાની?



એક-દો-તીન-ચાર માધુરી દીક્ષિતના આ મસ્ત મોજિલા ગીત જેવો માહોલ સર્જાઈ રહ્યો છે. પહેલાં ૬ પછી પાંચ અને હવે અનેક દેશોમાં પૂરા પગાર સાથે ચાર દિવસ જોબ કરવાનું જે આયોજન થઈ રહ્યું છે તે આપણે ત્યાં કેટલું કારગત નીવડશે? નાનાં -મોટાં છમકલાંના અપવાદ સિવાય આજે કોવિડ-યુગ વીતી ગયો એમ કહી શકાય રાબેતા મુજબનાં કામકાજ ધીર ધીરે શરૂ થઈ ગયા છે, છતાં કોવિડ કાળની આડ અસરના પડછાયા આજે પણ આર્થિકથી લઈને આરોગ્ય સુધી પ્રસરી રહ્યા છે. કોવિડનો પ્રકોપ ક્રમશઃ ઘટ્યો, છતાં એનો ચેપ ન વળગે એ માટે ઑફિસ- કાર્યાલય- ફેકટરી-કારખાનાંમાં કામ કરવાના કલાકોના વારા -પાળી કરી દેવામાં આવી. અમુક લોકો સપ્તાહના પ્રથમ ત્રણ દિવસ તો તમુક લોકો બાકીના દિવસોમાં કામ કરે અને બન્ને શિફટના લોકો બાકીના દિવસ (વર્ક ફ્રોમ હોમ) ફરજ બજાવે. સંપૂર્ણ લોકઆઉટ વખતે સાતે દિવસ ઘરથી કામ કરવું પડતું એને બદલે ઉદિવસ ઘર વત્તા ૩ દિવસ ઑફિસથી ફરજ બજાવવાની આવી 'હાઈબ્રિડ' કામગીરી લગભગ આજે ૬૦ ટકા મોટી કંપનીએ અહવે ફરી કહાની મેં ટ્વિસ્ટ 'એક-દો-તીન-ચાર..' માધુરી દીક્ષિતના મન-તન ડોલાવતા આ ગીતના શબ્દો બની શકે કે ટૂંક સમયમાં ગીત-સંગીતના અ-ચાહકો માટે ય કર્ણપ્રિય થઈ જાય. વાત પર સીધા આવીએ તો આપણા સહિત અનેક રાષ્ટ્રોની સરકાર કામના કલાકોમાં ફેરફાર કરીને અઠવાડિયાના કામના દિવસો ઘટાડી નાખવાની યોજના વિચારી રહી છે.. અત્યાર સુધી લગભગ બધે ઑફિસમાં સોમથી શુક્રવાર એમ સપ્તાહના પાંચ દિવસ કાર્ય કરવાની પ્રણાલી છે. હવે કામઢા લોકોને તેજાબી લાગે એવા ફેરફાર આવી રહ્યા છે. વર્ષો પૂર્વે રવિવારને બાકાત રાખીને અઠવાડિયે છ દિવસ કામ કરવાનો શિરસ્તો હતો. એમાં પણ રોજિંદા કામ કરવાના ક્લાક ૮થી પણ વધી જતા.આને લીધે વિદેશોમાં કારખાનાં- વર્કશોપમાં અઠવાડિયાના પ્રથમ દિવસે એટલે કે સોમવારે કામદારો વધુ ગેરહાજર રહેતા. સતત કામ પછી વર્કરને માંડ રવિવારે જ આનંદપ્રમોદનો સમય મળતો, જે મોટાભાગના મજૂરો મોડી રાત સુધી ખાણી-પીણી અને જુગારમાં વીતાવતા અને સોમવારે કામ પર જવાનું ટાળતા. આની સીધી અસર ઉત્પાદન પર પડતી. આને ધ્યાનમાં રાખીને સૌપ્રથમ અમેરિકાની 'ફોર્ડ મોટર કંપની'એ એના પ્લાન્ટમાં સપ્તાહના પાંચ દિવસ કામનો પ્રારંભ કર્યો. એકલા રવિવારની રજામાં દારૂ-જુગાર-ડ્રગ્સ જેવાં જે દૂષણો વધી ગયા હતા.

BOLLYWOOD NEWS FLASH

# ૧૦ વર્ષથી કેનેડા ના ગયો હોવાનો અક્ષયનો ખુલાસો



। મુંબઈ, તા.૧૩ ।

કેનેડા કુમાર, પોતાના દેશમાં પાછો જા', 'અહીં કેમ રહે છે', 'તું તો કેનેડાનો છે?'આવી કેટલીય વાતો અક્ષય કુમારને સાંભળવી પડી છે. સોશિયલ મીડિયા પર અવારનવાર આ બધી બાબતો કહીને તેને ટ્રોલ કરવામાં આવ્યો છે. કારણ? તેની પાસે કેનેડાની નાગરિકતા હતી. કેટલાય વર્ષો સુધી મ્હેણાં સાંભળ્યા પછી અક્ષય કુમારે આખરે કેનેડાની નાગરિકતા કેમ લીધી હતી તેના વિશે ખુલાસો કરી દીધો છે. હાલમાં જ ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં અક્ષય કુમારે પોતાની નાગરિકતા વિશે વાત કરી છે. તેણે કહ્યું, "મેં કેનેડાની નાગરિકતા લઈ લીધી કારણકે મારી ફિલ્મો ચાલતી નહોતી. મારી એકસાથે ૧૩-૧૪ ફિલ્મો ફલોપ ગઈ હતી. એ વખતે મારો એક ફ્રેન્ડ કેનેડામાં રહેતો હતો. તેણે મને કહ્યું કે, અહીં આવ આપણે કંઈક કરીશું. મારા ફ્રેન્ડે મને સાથે મળીને કાર્ગો બિઝનેસ કરવાની ઓફર આપી હતી. હું માની ગયો કારણકે મારી ફિલ્મો ચાલતી નહોતી અને દરેક વ્યક્તિએ કંઈક ને કંઈક કામ તો કરવું જ પડે છે. મેં ટોરેન્ટોમાં રહેવાનું શરૂ કર્યું પછી મને કેનેડાનો પાસપોર્ટ મળ્યો હતો. એ દરમિયાન મારી બે ફિલ્મો રિલીઝ થવાની બાકી હતી. એ બંને ફિલ્મો સુપરહિટ રહી હતી. મેં મારા ફ્રેન્ડને કહ્યું કે હું ભારત પાછો જઈ રહ્યો છે. ત્યાંથી આવ્યા પછી મેં વધુ ફિલ્મો કરી અને કરતો ગયો ને આજે જ્યાં છું ત્યાં પહોંચ્યો છું. જોકે, મેં ક્યારેય નહોતું વિચાર્યું કે લોકો મારી કેનેડાવાળી વાત યાદ રાખશે, એ ફક્ત ટ્રાવેલ ડોક્યુમેન્ટ હતો. હું ટેક્સ ભરું છું અને સૌથી વધુ ટેક્સ ભરતો કરદાતા છું. અક્ષય કુમાર પાસે અત્યાર સુધી કેનેડાની નાગરિકતા હતી પરંતુ ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ તે ભારતીય નાગરિક બની ગયો છે. આ વિશે વાત કરતાં એક્ટરે કહ્યું, "છેલ્લા ૯-૧૦ વર્ષથી હું કેનેડા ગયો નથી. એ જગ્યા સરસ છે અને મારો ખાસ મિત્રો પૈકીનો એક ત્યાં રહે છે. મને લાગ્યું કે મારે અહીંની નાગરિકતા લઈ લેવી જોઈએ. હવે સંયોગ કહો કે, મને ભારતીય નાગરિકતાનો લેટર ૧૫ ઓગસ્ટના રોજ મળ્યો. જોકે ફક્ત પાસપોર્ટ નહીં, તમારું મગજ, તમારું હૃદય અને આત્મા ભારતીય હોવી જોઈએ.

# ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહનું ગ્લેમરસ ફોટોશૂટ

। મુંબઈ, તા.૧૩ ।

કેટલીક ભોજપુરી અભિનેત્રીઓ પોતાની એક્ટિંગનો જલવો દેખાડી ચૂકી છે. અક્ષરા સિંહની સોશિયલ મીડિયા પર ફેન ફોલોઈંગ ખુબ મોટા પાયે છે. ઈન્સ્ટાગ્રામ પર ૬૨ લાખથી વધુ લોકો તેને ફોલો કરે છે તેના તમામ ફોટો પર ચાહકો ખુબ રિએક્ટ પણ કરે છે. હાલમાં પોતાનું લેટેસ્ટ ફોટોશૂટ ખુબ ચર્ચામાં છે. તેણે આ ગ્લેમરસ ફોટોશૂટના ફોટો ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કર્યા છે. જેમાં ચાહકો ખુબ પસંદ કરી રહ્યા છે. ફોટોમાં અભિનેત્રી ફુલ બ્લેક આઉટફિટમાં સ્ટનિંગ લુક ફ્લોન્ટ કરી રહી છે. તેમણે ડ્રેસની સાથે મેચિંગ કેપ પણ પહેરી છે. જે તેના લુકને શાનદાર બનાવી રહી છે.



ફોટોશૂટના ફોટો ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કર્યા છે. ફોટોમાં જોઈ શકાય છે કે, તેના ગરદન પાસે એક ટેટુ બનાવ્યું છે. આ ટેટુમાં તેણે પોતાનું નામ લખ્યું છે. ફોટો શેર કરતા કેપ્શનમાં લખ્યું બસ એક છોટે શહેર કી લડકી બડે સપનો કે સાથ, ફોટોશૂટના કારણે અક્ષરા સોશિયલ મીડિયા પર છવાય છે. તેના ફોટો ચાહકો ખુબ લાઈક અને કોમેન્ટ કરી રહ્યા છે. કેટલાક ચાહકો તેના આ લુકને ખુબ સુંદર કહી રહ્યા છે. તો કેટલાક હાર્ટ અને ફાયર ઈમોજી દ્વારા અભિનેત્રી પર પ્રેમ વરસાવી રહ્યા છે. કેટલાક યુઝર્સ તેના ટેટુને લઈને પણ સવાલો કરી રહ્યા છે. ફોટોશૂટના કારણે અક્ષરા સોશિયલ મીડિયા પર છવાય છે, તેના ફોટો ચાહકો ખુબ લાઈક અને કોમેન્ટ કરી રહ્યા છે.

# હોડીમાં બેસી હુમા કુરેશીએ આપ્યા ગોર્જિયસ પોઝ



। મુંબઈ, તા.૧૩ ।

૨૮ જુલાઈ ૧૯૮૬ના રોજ દિલવાલોના શહેર દિલ્હીમાં જન્મેલી હુમા કુરેશી પોતાની સ્ટાઈલથી લોકોના દિલ ચોરવામાં એક્સપર્ટ છે. તમને જણાવી દઈએ કે હુમાએ અનુરાગ કશ્યપની ફિલ્મ 'ગેંગ્સ ઓફ વાસેપુર'થી બોલિવૂડની દુનિયામાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મથી તેને ઓળખ પણ મળી હતી. પોતાના અભિનય દ્વારા નામ કમાવનાર હુમા તેના અફેરને લઈને પણ ઘણી ચર્ચામાં રહી છે.

એવું કહેવાય છે કે જ્યારે હુમાએ બોલિવૂડમાં પગ પણ મૂક્યો ન હતો, તે સમયે એટલે કે વર્ષ ૨૦૦૭ દરમિયાન તે મનોજ તંવર નામના છોકરાને ડેટ કરતી હતી. જોકે થોડા સમય પછી બંને અલગ થઈ ગયા. અભિનેત્રી હુમા કુરેશી જે પણ ફિલ્મનો હિસ્સો બને તેમાં સંપૂર્ણ રીતે ડૂબી જાય છે. હુમા તેની ફિલ્મો ઉપરાંત તેના લુક માટે પણ ચર્ચામાં છે. હુમા સોશિયલ મીડિયા દ્વારા પણ તેના ફેન્સ સાથે જોડાયેલી રહે છે. તેનો કોઈપણ ફોટો કે વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ જાય છે. હવે લેટેસ્ટ ફોટોશૂટમાં અભિનેત્રીનો ગ્લેમરસ લુક કેમેરામાં કેદ થયો છે.

# બ્લૂ બિકીનીમાં લોપામુદ્રા રાઉતે આપ્યા બોલ્ડ પોઝ

। મુંબઈ, તા.૧૩ ।

ભૂતપૂર્વ બિગ બોસ સ્પર્ધક અને મોડલ અને અભિનેત્રી લોપામુદ્રા રાઉત પોતાની બોલ્ડનેસથી ચાહકોને દિવાના બનાવે છે. અભિનેત્રીની આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. લોપામુદ્રા રાઉતની બોલ્ડનેસની આગળ ઉર્ફી જાવેદ પણ ફેલ છે. ભૂતપૂર્વ બિગ બોસ સ્પર્ધક લોપામુદ્રા રાઉત સોશિયલ મીડિયા સેન્સેશન છે. અભિનેત્રી લોપામુદ્રા રાઉત, ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૭ની મિસ



યુનાઈટેડ કોન્ટિનેન્ટ્સ સેકન્ડ રનર-અપ રહી ચૂકી છે. જ્યારે પણ તે સોશિયલ મીડિયા પર તેની તસવીરો શેર કરે છે ત્યારે ચાહકોમાં હલચલ મચાવે છે. તસવીરો થઈ આગની જેમ વાયરલ. અભિનેત્રી લોપામુદ્રા રાઉતની ફેશન સેન્સ પણ એકદમ અનોખી અને બોલ્ડ છે. આ જ કારણ છે કે એક્ટ્રેસની આ તસવીરો જોયા બાદ ફેન્સ તેની સરખામણી ઉર્ફી જાવેદ સાથે કરવા લાગે છે. અભિનેત્રી લોપામુદ્રા રાઉત,ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૭ની મિસ યુનાઈટેડ કોન્ટિનેન્ટ્સ સેકન્ડ રનર-અપ રહી ચૂકી છે.

# અભિનેત્રી ભૈરવી વૈદ્યનું ૬૭ વર્ષની વયે નિધન

। મુંબઈ, તા.૧૩ ।

સીરિયલ 'નીમા ડેન્ઝોંગપા'માં જોવા મળેલી અભિનેત્રી ભૈરવી વૈદ્યનું નિધન થયું છે. ૬૭ વર્ષની અભિનેત્રીના મૃત્યુના સમાચારની પુષ્ટિ તેની કો-સ્ટાર સુરભી દાસે કરી છે. ભૈરવી છેલ્લા ૪૫ વર્ષથી એક્ટિંગ ફિલ્ડમાં કામ કરી રહી હતી. તે ઘણી ગુજરાતી, હિન્દી ફિલ્મો અને ટીવી શોમાં જોવા મળી હતી. ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. જાણીતી અભિનેત્રી ભૈરવી વૈદ્યનું નિધન થયું છે. ૬૭ વર્ષની અભિનેત્રીના મૃત્યુના સમાચારની પુષ્ટિ તેની કો-સ્ટાર સુરભી દાસે કરી છે. બંનેએ સિરિયલ 'નીમા ડેન્ઝોંગપા'માં સાથે કામ કર્યું હતું. સુરભીએ ભૈરવી વૈદ્યના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેણે ભૈરવી સાથે સિરિયલ 'નીમા ડેન્ઝોંગપા'ના સેટ પર અદ્ભુત સમય વિતાવ્યો હતો. અભિનેત્રીના મૃત્યુથી શોની સ્ટારકાસ્ટને આઘાત લાગ્યો છે. ભૈરવીને યાદ કરીને બધા ભાવુક થઈ રહ્યા છે. તેની સાથે વિતાવેલી સારી પળોને યાદ કરીને મને દુઃખ થાય છે. ભૈરવી છેલ્લા ૪૫ વર્ષથી એક્ટિંગ ફિલ્ડમાં કામ કરી રહી હતી. તે ઘણી ગુજરાતી, હિન્દી ફિલ્મો અને ટીવી શોમાં જોવા મળી હતી. ચાહકોએ તેને છેલ્લી વખત સીરિયલ 'નીમા ડેન્ઝોંગપા'માં જોયો હતો. હસરતેન અને મહિસાગર જેવા શોમાં ભૈરવીના કામને ખૂબ પસંદ કરવામાં આવ્યું હતું. ભૈરવીએ તેના પાત્રોમાં એવી છાપ છોડી કે આજે પણ તેને યાદ કરવામાં આવે છે. સુપ્રસિદ્ધ અભિનેત્રીએ ઐશ્વર્યા રાય, અનિલ કપૂર અને અક્ષય ખન્ના અભિનીત ફિલ્મ 'તાલ'થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. તેણે જાનકીની ભૂમિકા ભજવી હતી. તેમના કામની ખૂબ પ્રશંસા થઈ. ભૈરવીએ સલમાન ખાનની ફિલ્મ ચોરી 'ચોરી ચુપ કે ચુપકે'માં મહત્વની ભૂમિકા ભજવી હતી. તે એક પ્રખ્યાત થિયેટર કલાકાર હતી. તે ઘણા નાટકોનો ભાગ હતો. ભૈરવી તેના જોરદાર અભિનય માટે જાણીતી હતી. તેણે મોટાભાગના પ્રોજેક્ટ્સમાં માતાની ભૂમિકા ભજવી હતી.



### ૮૦,૦૦,૦૦૦ ની રકમ વગર વ્યાજે અપાવવા માટે લાલચ અપાવી મેલણીયાના વ્યક્તિ સાથે છેતરપિંડી કરી

# ઝાલોદ તાલુકાના મેલણીયા ગામના વ્યક્તિને વગર વ્યાજની લોનની લાલચ આપી ૪,૬૭,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરાવતો ઠગ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ તાલુકાના મેલણીયા મુકામે રહેતા નગીન હીરા વસૈયાને અંદાજીત આઠ મહિના અગાઉ મહિન્દ્રા કોટક બેંક માંથી બોલું તેમ કહી ૯૭૭૩૨૫૫૫૭૮ નંબરથી કોલ આવેલ હતો અને તે વ્યક્તિએ વગર વ્યાજની લોન જોઈતી હોય તો મળશે તેમ કહેતાં નગીન વસૈયા દ્વારા લોન લેવાની હા પાડતાં લોન માટે જરૂરી ડોક્યુમેન્ટ માંગતા તેમણે પોતાના અને પોતાની પત્નીના નામના ડોક્યુમેન્ટ મોકલેલ હતા. ત્યારબાદ ફરી કોલ આવતા જણાવેલ કે ડોક્યુમેન્ટ બરાબર છે અને આ ડોક્યુમેન્ટ પર નગીન વસૈયાના નામ પર ૫૦,૦૦,૦૦૦ અને તેમની પત્નીના નામ પર ૩૦,૦૦,૦૦૦ ની લોન મળશે તેમ કહી જૂદી જૂદી કોલ કરી બેંકના અલગ અલગ ચાર્જીસને લઈ રૂપિયાની માંગણી કરેલ જે રકમ અલગ અલગ નંબર દ્વારા જૂદી જૂદી તારીખે ફોનપે દ્વારા આપવામાં આવેલ હતી. ઠગ બેંક કર્મચારી દ્વારા વધુ રકમ માંગતા નગીન વસૈયા દ્વારા બેંક ડીટેલ માંગતા તે ઠગ બેંક કર્મચારી દ્વારા પોતાનું નામ અર્પિત પ્રવિણચંદ્ર પટેલ બતાવી તેના એકાઉન્ટ નંબર ૫૦૧૦૦૩૯૫૭૨૪૮૯૧ આપેલ હતો અને આ એકાઉન્ટ નંબર પર રૂપિયા મંગાવેલ હતા છેલ્લે ઠગ બેંક કર્મચારી દ્વારા ૧૪-૦૮-૨૦૨૩ ના રોજ કોલ આવેલ કે કાલે તમારા ખાતામાં લોનના રૂપિયા આવી જશે તેમ કહી રકમની માંગણી કરેલ હતી.

નગીન વસૈયા દ્વારા બીજા દિવસે બેંક એકાઉન્ટ ચેક કરવામાં આવતા કોઈ લોનની રકમ આવેલ હતી નહીં. ત્યારબાદ જે નંબર પરથી કોલ આવતો હતો તે નંબર પર કોલ કરતા તે નંબર બંધ આવી રહેલ હતો. જેથી નગીન વસૈયાને બેંક કર્મચારી બની પ્રવિણચંદ્ર પટેલ દ્વારા વિશ્વાસમાં લઈ ૪૬૭૦૦૦ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવેલ હોવાનો અહેસાસ થતાં નગીન વસૈયા દ્વારા સાયબર ક્રાઈમના ૧૯૩૦ નંબર પર કોલ કરી ઓનલાઈન ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ નગીન વસૈયા દ્વારા તારીખ ૧૨-૧૦-૨૦૨૩ ના રોજ આ ઘટના અંગે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે જઈ પોલિસ ફરિયાદ કરવામાં આવી હતી.

### તિરસ્કારનો સામનો કરી રહેલી ખેડા પોલીસે કહ્યુ કે ૧૫ વર્ષ પોલીસમાં સેવા આપી

# આરોપીને જાહેરમાં ફટકારના પોલીસકર્મીએ હાઈકોર્ટને સજા ન કરવાની વિનંતી કરી

### જસ્ટિસ એ સુપહિયા અને ગીતા ગોપીની ડિવિઝન બેંચે પોલીસકર્મીઓની દરખાસ્ત પર ફરિયાદીઓના જવાબો મેળવવા માટે આવતા સોમવારે સુનાવણી હાથ ધરાશે

। નડિયાદ, તા.૧૩ ।

ગયા વર્ષે ખેડા જિલ્લાના માતર તાલુકાના ઉંઢેલા ગામે મુસ્લિમ સમુદાયના લોકોને ગામના ચોકમાં લાઈટના થાંભલા સાથે પકડીને નિર્દયતાથી માર મારવા બદલ તિરસ્કાર હેઠળ ચારેય પોલીસકર્મીઓ પર બુધવારે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન દોષી ઠેરવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટને વિનંતી કરી હતી કે સજા કરવાને બદલે પીડિતોને વળતર આપવાનું આદેશ આપવું જોઈએ તેમણે દલીલ કરી છે કે સજાથી કારકિર્દી પર અસર થડશે

જસ્ટિસ એ સુપહિયા અને ગીતા ગોપીની ડિવિઝન બેંચ સમક્ષ વરિષ્ઠ એડવોકેટ પ્રકાશ જાની આરોપી પોલીસકર્મીઓ તરફથી હાજર રહ્યા હતા, એવી દલીલ કરી હતી કે પોલીસમાં ૧૦ થી ૧૫ વર્ષ સુધી સેવા આપી છે અને હવે તે દોષી ઠેરવ્યા છે. જો તેમને સજા કરવામાં આવે છે. તો તેમની કારકિર્દી પર અસર પડશે. પોલીસ વતી વરિષ્ઠ વકિલની અરજીને ધ્યાનમાં રાખીને કોર્ટે સોમવાર સુધી આ કેસ મુલતવીને, પોલીસ અરજી પર મુસ્લિમ ફરિયાદીઓ પાસેથી જવાબ માંગ્યો છે. ગયા અઠવાડિયે ગુજરાત હાઈકોર્ટે ડી.કે. બાસુ કેસના માર્ગદર્શિકાના કથિત ઉલ્લંઘનને કારણે ગયા વર્ષે ઓક્ટોબરમાં ખેડા જિલ્લામાં મુસ્લિમ સમુદાયના લોકોને લાઈટના થાંભલા સાથે પકડીને જાહેરમાં માર મારવાનો આરોપ લગાવનારા ચાર પોલીસકર્મીઓ સામે તિરસ્કારના આરોપ મૂક્યા હતા.

નોંધનીય છે કે નાદિયાડમાં સીજેએમ કોર્ટના અહેવાલને ઓગસ્ટ ૨૦૨૩ માં ફાઈલ કરવામાં આવ્યા બાદ બેંચ દ્વારા તિરસ્કારના આરોપોના નિર્ણય લેવાનો આદેશ, જેમાં સ્થાનિક ક્રાઈમ બ્રાંચ પીઆઈ એ.વી. પરમાર, પીએસઆઈ ડીબી કુમાવાત, હેડ કોન્સ્ટેબલ કનાકસિન્હ લક્ષ્મણ સિંહ અને કોન્સ્ટેબલ રાજુ રમેશભાઈ ડાભીનો સમાવેશ થાય છે. આ ઘટનામાં ૧૪ પોલીસકર્મી આરોપીઓ માંથી ૪ ની ઓળખ કરવામાં આવી હતી.

ખેડા જિલ્લાના માતર તાલુકાના ઉંઢેલા ગામમાં એક સાંપ્રદાયિક અથડામણ બાદ પોલીસની આકાર્યવાહી કરવામાં આવી હતી. એવો આક્ષેપ કરવામાં આવે છે કે કેટલાક કથિત ઘુસણખોરોએ નવરાત્રી પંડાલ સમારોહ દરમિયાન ભીડ પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટના દરમિયાન ૪૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે જાન્યુઆરીમાં ગુજરાત સરકારે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે પહેલા ૫ પોલીસકર્મીઓ છે કે જાહેરમાં મારવાના કિસ્સામાં પ્રથમ દોષી ઠેરાવ્યા છે.

# એક સાંજ કેદીઓ માટે જાણે લઈને આવી સ્વચ્છતાની સુઘડ સવાર, કેદીઓએ નાટ્યકળાથી સમજાવ્યું સ્વચ્છતાનું મહત્વ

। અમદાવાદ, તા.૧૩ ।

જેલ એટલે કેદીઓને સજા કાપવાનું એક સ્થળ પરંતુ રાજ્ય સરકારના વિવિધ પ્રયાસોને પગલે જેલને કેદી સુધાર તરીકે નવી ઓળખ મળી છે. ત્યારે તારીખ ૧૨ ઓક્ટોબરની સાંજ કેદીઓ માટે જાણે સ્વચ્છતાની સુઘડ સવાર લઈને આવી હોય તેવા દ્રશ્યો અમદાવાદ સ્થિત સાબરમતી સેન્ટ્રલ જેલમાં જોવા મળ્યા. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગાંધીજયંતી બાદ ‘‘સ્વચ્છતા હી સેવા’’ ઉપક્રમ શરૂ કરાયો છે. જેમાં વિવિધ કાર્યક્રમો યોજીને ૮ સપ્તાહ સુધી દરેક નાગરિકને પોતાની આસપાસની ગંદકી દૂર કરી સ્વચ્છતા રાખવા કટિબદ્ધ બનાવવાનો હેતુ છે. જેને સાકાર કરવામાં અમદાવાદ મધ્યસ્થ જેલ પણ પાછળ નથી રહી.

૧૨ ઓક્ટોબર ૨૦૨૩ના ગુરુવારની સાંજે મધ્યસ્થ જેલ ખાતે ‘‘સ્વચ્છતા હી સેવા’’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેદીઓએ કરેલી સ્કીટ અર્થાત ટૂંકા નાટકની રજુઆત ખૂબ જ મજેદાર રહી. આ પ્રસ્તુતિમાં હાસ્યરસ સાથે સ્વચ્છતાનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. નાટકના ભાગરૂપે મંચ પર ગામના ચોરાનું દ્રશ્ય ઉભું કરી ગામઠી ભાષામાં જ સંવાદ રજૂ કરવામાં આવ્યા.

# ઝાલોદ આઇ.ટી.આઇ ખાતે પાસ થયેલ વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ યોજાયો



। ઝાલોદ, તા.૧૩ ।

તારીખ-૧૨-૧૦-૨૦૨૩ ના રોજ આઈ.ટી.આઈ ઝાલોદ ખાતે પાસ થયેલ તાલીમાર્થીઓ માટે કોશલ દિક્ષાન્ત સમારોહ યોજવામાં આવેલ જેમાં મુખ્ય મેહમાન તરીકે આઈ.ટી.આઈ માંથી નિવૃત પ્રિન્સિપાલ જે.એલ. સંગાડાને આમંત્રિત કરવામાં આવેલ હતા તથા સંસ્થાના પ્રિન્સિપાલ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા જેમાં દેશની આર્થિક પ્રગતિમાં આઈ.ટી.આઈ ના તાલીમાર્થીઓનું યોગદાન વિષે અવગત કર્યા તથા ભારત સરકાર દ્વારા સ્કિલને લગતી વિવિધ સ્કીમો તથા તેનો લાભ લેવા માહિતગાર કર્યા સંસ્થાના ઈન્ચાર્જ આચાર્ય એલ.એસ. બરજોડ દ્વારા તથા અને આઈ.ટી.આઈ ના તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

# નોન-ઇન્ટરલોકિંગ કામ સ્થગિત થવાને કારણે ડાઇવર્ટ કરાયેલી ટ્રેનો તેમના નિર્ધારિત રૂટ પર દોડશે

। ભોપાલ, તા.૧૩ ।

પશ્ચિમ મધ્ય રેલવેના ભોપાલ ડિવિઝન પર બુદની-બરખેડા સેક્શનમાં ત્રીજી લાઈનના કમિશનિંગના સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ કામ માટે લેવાયેલ બ્લોકને આગળની સૂચના સુધી મોકૂફ રાખવામાં આવ્યો છે. તદનુસાર, બદલાયેલ રૂટ પર ચાલતી નીચેની ટ્રેનો તેમના નિર્ધારિત રૂટ અને સમયપત્રક મુજબ દોડશે.

૧. ટ્રેન નંબર ૧૯૪૮૩ અમદાવાદ બરૌની એક્સપ્રેસ ૧૫ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ ની ટ્રેન તેના નિર્ધારિત રૂટ ઉધના-જલગાંવ-ખંડવા-ઈટારસી-ભોપાલ-નિશાતપુરા પર દોડશે.

૨. ટ્રેન નંબર ૧૯૪૮૪ બરૌની અમદાવાદ એક્સપ્રેસ ૧૫ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ ની ટ્રેન તેના નિર્ધારિત રૂટ નિશાતપુરા-ભોપાલ-ઈટારસી-ખંડવા-જલગાંવ-ઉધના પર દોડશે.

૩. ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ની ટ્રેન નંબર ૧૯૪૩૫ અમદાવાદ-આસનસોલ સાપ્તાહિક એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ ઉધના-જલગાંવ-ખંડવા-ઈટારસી-ભોપાલ-નિશાતપુરા થઈને દોડશે.

૪. ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર-સોમનાથ એક્સપ્રેસ ૧૫ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી તેના નિર્ધારિત રૂટ જબલપુર-ઈટારસી-ભોપાલ થઈને દોડશે.

૫. ટ્રેન નંબર ૧૧૪૬૩ સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ૧૭ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી તેના નિર્ધારિત રૂટ ભોપાલ-ઈટારસી-જબલપુર પર દોડશે.

સ્ટોપેજ, રૂટ, સમય અને ટ્રેનની રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસનું ભટની સ્ટેશન પર તથા સોમનાથ-જબલપુર એક્સપ્રેસનું સાલીચૌકા રોડ સ્ટેશન પર રોકાણ

। અમદાવાદ, તા.૧૩ ।

રેલ પ્રશાસન દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર ૧૯૪૮૯/૧૯૪૯૦ અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસને ભટની સ્ટેશન ઉપર તથા ટ્રેન નંબર ૧૧૪૬૩/૧૧૪૬૪ સોમનાથ-જબલપુર એક્સપ્રેસને સાલીચૌકા રોડ સ્ટેશન ઉપર ૬ મહિના માટે પ્રાયોગિક ધોરણે રોકાણ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૧૯૪૮૯ અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ નો ૧૪ ઓક્ટોબર ૨૦૨૩ થી ભટની સ્ટેશન ઉપર આગમન પ્રસ્થાનનો સમય ૧૫.૫૨/૧૫.૫૪ કલાક રહેશે તથા ટ્રેન નંબર ૧૯૪૯૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ નો ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ થી ભટની સ્ટેશન ઉપર આગમન પ્રસ્થાનનો સમય ૨૨.૫૪/૨૨.૫૬ કલાક રહેશે.
- ટ્રેન નંબર ૧૧૪૬૩ સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ટ્રેનનો તાત્કાલિક અસરથી સાલીચૌકા રોડ સ્ટેશન ઉપર આગમન પ્રસ્થાનનો સમય ૧૬.૦૩/૧૬.૦૪ કલાક રહેશે તથા ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર-સોમનાથ એક્સપ્રેસ નો સાલીચૌકા રોડ સ્ટેશન ઉપર આગમન પ્રસ્થાનનો સમય ૧૦.૩૯/૧૦.૪૦ કલાક રહેશે.

# એકતાનગર SOU ખાતે લેશર શો અને નર્મદા આરતીના સમયમાં કરાયો ફેરફાર

### ૧૭મી ઓક્ટોબરથી પ્રોજેક્શન મેપિંગ શો સાંજે ૭ વાગ્યે અને નર્મદા આરતી ૭:૪૫ કલાકે યોજાશે




। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પરિકલ્પના અને પ્રેરણાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તેમના માર્ગદર્શનમાં જ શૂલપાણેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા ગોરા ખાતે નવરચિત નર્મદા ઘાટ ખાતે નર્મદા મહાઆરતીનું આયોજન થાય છે.

સ્ટેચ્યુ ઑફ યુનિટી ઓથોરિટી અને શૂલપાણેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા સંયુક્તપણે નિર્ણય લઈને અત્રે આવનાર પ્રવાસીઓ પ્રોજેક્શન મેપિંગ શૉ અને નર્મદા મહાઆરતીનો લાભ લઈ શકે એ માટે તા. ૧૭/૧૦/૨૦૨૩ના રોજથી સાંજના ૦૭:૩૦ કલાકના બદલે ૦૭:૦૦ કલાકથી લેસર શૉ (પ્રોજેક્શન મેપિંગ શૉ) શરૂ કરવામાં આવશે. તે જ પ્રમાણે નર્મદા મહાઆરતી સાંજે ૮:૧૫ કલાકના બદલે સાંજે ૭:૪૫ કલાકથી શરૂ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, લેસર શૉ માટેની લાઈટ દુનિયાની અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. લેસર શૉ (પ્રોજેક્શન મેપિંગ શૉ) જ્યારે સંપૂર્ણ અંધારું હોય ત્યારે વધુ સારી રીતે જોઈ શકાય તેમ હોઈ અત્રેની કચેરી દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવનાર પ્રવાસીઓના લાભાર્થે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવાસીઓ મહાઆરતીમાં પણ ભાગ લઈ શકે તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલની બરાબર બાજુમાં આવેલ બસ સ્ટેશન ખાતેથી નર્મદા મહાઆરતી સ્થળે પહોંચવા માટે પ્લેટફોર્મ નં -૫ અને ૬ થી બસ સેવા નિઃશુલ્ક ધોરણે ઉપલબ્ધ થશે. મહાઆરતી પૂર્ણ થતા વિવિધ પાર્કિંગ સ્થળે જવા માટે પણ બસ સુવિધા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરવા સુચારુ આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઑફ યુનિટી ઓથોરિટી અને શૂલપાણેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા પ્રવાસીઓને ઉપરોક્ત સેવા અને આકર્ષણનો લાભ લેવા માટે જાહેર અપીલ કરવામાં આવી છે.

### જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની વિવિધ યોજનાઓના છ લાભાર્થીઓને રૂ.૦૧ .૪૧ કરોડની લોન સહાયનું વિતરણ

# નડિયાદ ઈપ્કોવાલા હોલ ખાતે વાઈબ્રન્ટ ખેડા જિલ્લો કાર્યક્રમનું આયોજન કર્યું

### ખેડા જિલ્લાના નડિયાદમાં મિનિ વાયબ્રન્ટ જેવો માહોલ ઉભો થયો, બાયર્સ સેલર્સ મિટ સહિત વિવિધ ટેકનિકલ સેશનનું થયું આયોજન



। નડિયાદ, તા.૧૩ ।

વાયબ્રન્ટ ગુજરાત—વાયબ્રન્ટ ખેડા અંતર્ગત ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ઈપ્કોવાલા હોલના સભાગૃહ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મૂડી રોકાણકારો વરસી પડ્યા હતા અને વિવિધ ક્ષેત્રમાં મૂડી રોકાણ માટે રાજ્ય સરકાર સાથે રૂ. ૧૫૦૪ કરોડના સમજૂતી કરારો કરવામાં આવ્યા હતા.

જિલ્લા પ્રભારી અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કેન એન્ડસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સિંઘાનિયા એલ્યુ -ફોઈલ જેવી સાત મોટી કંપનીઓ સાથેની બાયર્સ સેલર્સ મિટમાં મોટી સંખ્યામાં વેન્ડરો સહભાગી થયા હતા.

આગામી જાન્યુઆરી માસમાં યોજાવા જઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પૂર્વાર્ધમાં ખેડા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૪૬ જેટલા એકમો દ્વારા રાજ્ય સરકારના વિવિધ સંસ્થાઓ સાથે રૂ. ૧૫૦૪ કરોડના સમજૂતી કરારો કરવામાં આવ્યા હતા. આ રોકાણથી ખેડામાં આગામી દિવસોમાં લગભગ ૫૪૬૫ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી ઉભી થવાની ધારણા છે. જિલ્લા પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩થી શરૂ કરવામાં આવેલા વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ થકી ગુજરાતના તમામ જિલ્લાઓમાં ઉદ્યમીઓને નવું બળ મળ્યું છે અને તેના પરિણામે ઔદ્યોગિક વિકાસ થતાં રોજગારીની વિપુલ તકો ઉભી થઈ છે.

વાયબ્રન્ટ ગુજરાતના કારણે ગુજરાતની કાયાપલટ થઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩ માં ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટની શરૂઆત કરી હતી ત્યારે ૨૫૦-૩૦૦ મૂડી રોકાણકારોએ ગુજરાતમાં ઉદ્યોગો માટે નાણાં રોક્યા હતા. આજે વાઈબ્રન્ટ ગુજરાત તેની ૨૦મી ઉજવણી કરી રહ્યો છે ત્યારે ડાંગ આહવા થી કચ્છ સુધી ગુજરાતની ભૌગલિક પરિસ્થિતિને અનુલક્ષીને રોકાણ કારોએ ગુજરાતમાં રોકાણ કર્યું છે અને આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે કોઈ પણ ઉધોગકાર ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે એમઓયુ કરે છે ત્યારે ગુજરાત સરકારની જવાબદારી બને છે તે ઉદ્યોગકારોને કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓ ન પડે તે પ્રાથમિક જવાબદારી હોય છે તેની સાથે ઉદ્યોગકારોની એ જવાબદારી હોય છે તે સરકારને પૂરતો સહયોગ ઉદ્યોગમાં રોજગારી થકી પૂરો પાડે તે છે. ગુજરાતમાં ખેડા - આણંદ જિલ્લો આ બે જિલ્લાની છાપ વિકસિત જિલ્લા તરીકેની છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

**અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી |** આરોપી છેલ્લા ૩ વર્ષથી દેશમાં ગેરકાયદેસર રીતે રહીને દેશભરના એરપોર્ટનો ઉપયોગ કરી ડ્રગ્સની હેરાફેરી કરતો હતો

# ડુપ્લિકેટ વિઝાથી દેશમાં રહેતા રશિયનને ડ્રગ્સ કેસમાં ઝડપી લેવાયો

| અમદાવાદ, તા.૧૩ |

અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાંચે ડુપ્લિકેટ વિઝા બનાવીને દેશમાં રહેતા રશિયન નાગરિકને ઝડપી લઈ વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં વિદેશથી મંગાવવામાં આવેલ ૨૦ પેકેટ ડ્રગ કેસમાં સાયબર ક્રાઈમ દ્વારા એક રશિયન નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. ૨૦ પાર્સલમાંથી એક પાર્સલ આરોપીનું હોવાનુ સામે આવ્યું છે. આરોપી છેલ્લા ૩ વર્ષથી દેશમાં ગેરકાયદેસર રીતે રહીને દેશભરના એરપોર્ટનો ઉપયોગ કરી ડ્રગ્સની હેરાફેરી કરતો હતો. આરોપીએ ડ્રગ્સના વેપાર માટે હિન્દી પણ શીખીને ડ્રગ્સનો વેપાર શરૂ કર્યો હતો. સાયબર ક્રાઈમે આરોપીની મનાલીથી ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીના વર્ષ ૨૦૨૦ના જુલાઈમાં વિઝા પૂરા થઈ ગયા હતા તેમ છતાં ૩ વર્ષથી ખોટી રીતે રહીને ડ્રગ્સનો કારોબાર કરતો હતો. આરોપી ફોરેન પોસ્ટ ઓફિસમાં ડ્રગ્સ મંગાવીને ગોવા મોકલતો હતો. આરોપી દરેક પાર્સલ ઉપર ૧૦૦ ડોલર કમાતો હતો. આરોપી ગોવામાં રહીને એક ગેંગ ચલાવે છે. જેમાં અન્ય વિદેશી નાગરિક પણ સામેલ છે. આરોપી વિદેશથી દેશમાં અલગ અલગ એરપોર્ટ ઉપર જેમાં અમદાવાદ, જયપુર, મુંબઈ, કલકત્તા, દિલ્હી અને હિમાચલમાં ડ્રગ્સ મંગાવીને ઈન્ડિયા પોસ્ટ દ્વારા ગોવા મોકલી દેતો હતો. જે જગ્યાએ ડ્રગ્સ આવવાનું હોય ત્યાં પેહલાથી હોટેલમાં રોકાઈને પાર્સલ લઈ લેતો હતો.આરોપી સુરતમાં ૨૨ જુલાઈ ના રોજ રોકાયો હતો. હાલ તો એકજ પાર્સલની તપાસ થઈ છે ત્યારે અન્ય ૧૯ પાર્સલ બાકી છે. ત્યારે ગોવામાં બેસીને ડ્રગ્સનો કારોબાર ચલાવી રહેલા અન્ય વિદેશી નાગરિકોને પકડવા પોલીસ વધુ કાર્યવાહી કરી રહી છે. સાયબર ક્રાઈમ માદક પદાર્થો અને અલગ અલગ ગુનાઓની તપાસમાં હતી તે દરમ્યાન શકમંદ ઈસમ હાલ મનાલી, હીમાચલ પ્રદેશ ખાતે હોવાની બાતમી મળી હતી. સાયબર ક્રાઈમે ત્યાં તપાસ કરતા શકમંદ ઈસમ નામે કોલિસનિકોવ વસિલી મુળ રશિયા અને ભારતમા મનાલી ખાતેથી ઝડપાયો હતો. જેની પુછ-પરછ દરમ્યાન સાયબર ક્રાઈમને જાણવા મળ્યું હતું કે આ આરોપી તેના વિઝા પુર્ણ થયા બાદ વગર વિઝાએ ભારતમાં અલગ અલગ નામોની ઓળખ આપી અલગ અલગ સ્થળે રોકાયેલ છે. આ ઈસમના કબજામાથી ભારતનું આધાર કાર્ડ તથા તેના પોતાના ફોટો વાળા જુદા-જુદા નામના ૬ નકલી ઈ-વીઝા અને બે પાસપોર્ટ મળી આવતાં જે ડોક્યુમેન્ટ આ ઈસમ દ્વારા ગેરકાયદેસર રીતે મેળવીને બનાવી તેનો દુરુપયોગ કરી કોઈ કાવતરું કરવાનો હોય તેવું જણાયું હતું.આરોપીનો પાસપોર્ટ અસલી છે કે નકલી તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ બાબતે અલાયદો ખોટા દસ્તાવેજ બનાવી તેનો ઉપયોગ કરવા બાબતે સાયબર ક્રાઈમ બ્રાંચ ખાતે ગુનો દાખલ કર્યો હતો જેની તપાસ હાલમાં ચાલુ છે. આરોપીએ એન્જીનીયરીંગનો અભ્યાસ રશિયા ખાતેથી સને-૨૦૧૧માં પુર્ણ કરેલ છે. ટુરીસ્ટ વીઝા ઉપર ભારત આવ્યા બાદ સને ૨૦૨૦થી દેશમાં ગેરકાયદેસર રીતે રોકાયો છે. તે કોઈ કામધંધો કરતો નથી અને કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહેલ હોવાની શક્યતા છે.આ ઈસમ વિરુધ્ધ ૨૦૨૧મા મુબઈના વરલી પોલીસ સ્ટેશન ખાતે પ્રતીબંધિત વિસ્તારમા ફોટોગ્રાફી તથા અનઅધિકૃત પ્રવેશ કરવા બાબતે ગુનો દાખલ થયેલ છે.

**હમાસના ૬૦ આતંકીને માર્યા ઠાર**

## ગાઝા પાસે ૨૫૦ બંધકોને છોડાવવા ઇઝરાયલની સેનાએ કર્યું ઓપરેશન

**ઈઝરાયેલની સેનાએ ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ હાથ ધરેલા તેના એક ઓપરેશનનો વીડિયો જાહેર કર્યો છે**



| નવી દિલ્હી, તા.૧૩ |

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. દરમિયાન, ઈઝરાયેલની સેનાએ ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ હાથ ધરેલા તેના એક ઓપરેશનનો વીડિયો જાહેર કર્યો છે. જેમાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સના સૈનિકો એક કમ્પાઉન્ડમાં ઘૂસીને હમાસના આતંકવાદીઓ દ્વારા બંધક બનાવાયેલા લોકોને બચાવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર બોડી ફેમ ફૂટેજ જાહેર કરતા આઈડીએફએ કહ્યું હતું કે ઈઝરાયલની સેનાએ ગાઝા સિક્યોરિટી ફેસ નજીક એક મોટું લાઈવ ઓપરેશન કરતા હમાસના આતંકીઓ દ્વારા બંધક બનાવવામાં આવેલા ૨૫૦ બંધકોને છોડાવ્યા હતા. દરમિયાન હમાસના ૬૦થી વધુ આતંકીઓને પણ ઠાર માર્યા હતા. IDFના જણાવ્યા અનુસાર, '૭ ઓક્ટોબરના રોજ, સુફા સૈન્ય ચોકી પર નિયંત્રણ મેળવવાના સંયુક્ત પ્રયાસમાં ગાઝા સુરક્ષા ફેન્સની આસપાસના વિસ્તારમાં ફ્લોટિલા ૧૩ એલિટ યુનિટ્સ તૈનાત કરવામાં આવ્યા હતા. સૈનિકોએ લગભગ ૨૫૦ બંધકોને જીવતા બચાવ્યા હતા. 'હમાસના દક્ષિણ નેવલ ડિવિઝનના ડેપ્યુટી કમાન્ડર મુહમ્મદ અબુ અલી સહિત ૬૦થી વધુ હમાસ આતંકવાદીઓ માર્યા ગયા અને ર૬ને જીવતા પકડી લેવામાં આવ્યા હતા. સીરિયાના સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ઈઝરાયેલે રાજધાની દમાસ્કસ અને અલેપ્પો ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હવાઈ હુમલા કર્યા છે. હુમલા બાદ રનવેને નુકસાન થયું હતું અને કામ અટકાવી દેવામાં આવ્યું હતું. સ્થાનિક સમાચાર એજન્સી SANAએ અહેવાલ આપ્યો છે કે, લશ્કરી અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. ઈઝરાયેલી સૈન્યએ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ઈઝરાયેલે લેબનોનના હિઝબુલ્લા સહિત તેહરાન સમર્થિત આતંકવાદી જૂથોને ઈરાનથી હથિયારોની શિપમેન્ટ રોકવા માટે એરપોર્ટ અને બંદરોને નિશાન બનાવ્યા છે. ઈઝરાયેલ સીરિયામાં સરકાર દ્વારા નિયંત્રિત વિસ્તારોમાં સેંકડો હુમલાઓ કરી ચૂક્યું છે.

## હમાસના હુમલામાં પતિ અને બાળક સાથે બચી પ્રેગ્નેન્ટ ભારતીય મહિલા?

| નવી દિલ્હી, તા.૧૩ |

હાલમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ છે. હમાસે હુમલો કર્યા બાદ ઈઝરાયલે પણ તેને જડબાતોડ જવાબ આપ્યો છે. ઈઝરાયલમાં ભારતીયો પણ મોટા પ્રમાણમાં રહે છે પરંતુ હાલમાં તમામ ભારતીયો સુરક્ષિત છે. જોકે, હમાસના હુમલા વખતે એક ભારતીય કપલ અને તેનું બાળક માંડમાંડ બચી ગયું હતું.

૨૦૨૦માં લગ્ન કર્યા બાદ ૩૦ વર્ષીય જયદીપ કૌર અને તેમના ૩૨ વર્ષીય મોહિત રંધાવા ઈઝરાયલ આવ્યા હતા. પરંતુ તેમણે અગાઉ ક્યારેય સતત સાઈરનના અવાજો સાંભળ્યા ન હતા. હમાસે હુમલો કર્યો ત્યારે તેઓ કેવી પરિસ્થિતિમાં હતા તે અંગે જયદીપ કૌરે જણાવ્યું હતું. જયદીપ કૌર તેલ અવીવમાં રહે છે અને હાલમાં તેમને છ મહિનાનો ગર્ભ છે. તેમણે જણાવ્યું હતું



કે બંકરના કારણે તેઓ સુરક્ષિત રહી શક્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ૭ ઓક્ટોબરે ૬.૩૦ વાગ્યે ધ્રુજાવી દે તેઓ અવાજ સંભળાયો હતો અને અમે ઊંઘમાંથી સફાળા જાગી ગયા હતા. એક પણ સેકન્ડ ગુમાવ્યા વગર અમે અમારું ઘર છોડીને નજીકમાં આવેલી યુનિવર્સિટી કેમ્પસના શેલ્ટરમાં જતાં રહ્યા હતા. કૌરે કહ્યું હતું કે, શેલ્ટરમાં જતી વખતે તેઓ ફક્ત થોડો નાસ્તો અને એકદમ શક્ય તેટલો ઓછો સામાન લઈ શક્યા હતા. તેમણે કહ્યું હતું કે, મને બાદમાં ખબર પડી કે અમારા પર બોમ્બ અને રોકેટનો વરસાદ થયો હતો પરંતુ અમે જ્યાં હતાં તે અભેદ્ય બંકર હતું અને તેના કારણે અમે સુરક્ષિત રહી શક્યા હતા.

તે બંકરમાં અમે કુલ ૫૦ લોકો હતા. કૌર તેમના પતિ અને ત્રણ વર્ષની પુત્રી સાથે ગાઝા પટ્ટીથી લગભગ ૭૪ કિમી દૂર દક્ષિણ ઈઝરાયલના એસડી બોકરમાં ફસાયેલા છે. કૌર ૧૨ ઓક્ટોબરના રોજ ઉત્તર પ્રદેશના અમરોહામાં તેના માતાપિતાના ઘરે બાળકની ડિલિવરી માટે ભારતની ફ્લાઈટમાં જવાના હતા. પરંતુ હમાસા હુમલા અને ત્યારબાદ ઊભી થયેલી પરિસ્થિતિના કારણે તેની યોજનાઓ પર પાણી ફરી ગયું છે. હવે તેઓ આગળ શું થશે તેની રાહ જોઈ રહ્યા છે.

## કાર લૂંટવા આવેલા શખસે ધડાધડ ફાયરિંગ કરતાં થયું મોત

| નવી દિલ્હી, તા.૧૩ |

અમેરિકાના ફ્લોરિડા સ્ટેટમાં પોતાની કાર લૂંટીને ભાગી રહેલા એક વ્યક્તિને રોકવાનો પ્રયાસ કરનારા ગુજરાતીને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ રાત્રે બારેક વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનાની તાજેતરમાં જ ફ્લોરિડા સ્થિત અમારા એક વ્યૂઅરે જાણ કરી હતી, જેમાં અલ્પેશ શાહ નામના વ્યક્તિનું ગોળી વાગવાને કારણે મોત થયું હતું. અલ્પેશ શાહ ફ્લોરિડાના પામ બે સિટીમાં આવેલી એક લીકર શોપમાં કેશિયર તરીકે જોબ કરતા હતા તેમજ બે દીકરા અને પત્ની સાથે અમેરિકામાં જ વર્ષોથી રહેતા હતા, તેમજ ઘરમાં તેઓ કમાનારા મુખ્ય વ્યક્તિ હતા. અલ્પેશભાઈને ફ્લોરિડામાં લોકો છન્ના નામે ઓળખતા હતા, તેમની કાર લઈને ભાગવાનો પ્રયાસ કરનારા લૂંટારાએ અલ્પેશભાઈએ પ્રતિકાર કરતાં તેમના પર ધડાધડ ગોળીઓ છોડી હતી, જેના કારણે અલ્પેશભાઈ ગંભીર રીતે ઘવાયા હતા. જોકે, અલ્પેશ શાહને હોસ્પિટલ પહોંચાડાયા ત્યારે ડોક્ટરો દ્વારા તેમને મૃત જાહેર કરાયા હતા. અલ્પેશ શાહની હત્યામાં ૨૩ વર્ષના એક અમેરિકનની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું, જેની ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી લેવામાં આવી હતી.

## વર્ષ ૨૦૫૦ સુધીમાં હશે સૌથી વધારે હિન્દુઓ

**પ્યુ રિસર્ચ સેન્ટર અનુસાર, હાલ ડેમોગ્રાફિક ચલનને વધતા ૨૦૫૦ સુધીમાં દુનિયાની ધાર્મિક વસ્તીમાં ખૂબ જ ઝડપથી ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે**

| નવી દિલ્હી, તા.૧૩ |

દુનિયાના લગભગ તમામ દેશોની ધાર્મિક વસ્તીમાં ઝડપી ફેરફારો નોંધાઈ રહ્યા છે. અમેરિકન થિંક ટેક્ક પ્યુ રિસર્ચ સેન્ટરે આ અંગે એક અભ્યાસ હાથ ધર્યો છે. તેના પરિણામો તદ્દન ચોંકાવનારા છે. પ્યૂ રિસર્ચ સેન્ટરે ૨૦૧૫માં આ સંશોધન કર્યુ હતું. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આગામી ચાર દાયકામાં વિશ્વની ધાર્મિક વસ્તીમાં ઝડપી અને મોટા ફેરફાર થઈ શકે છે.

હિંદુ ધર્મની સાથે ખ્રિસ્તી, ઈસ્લામ અને અન્ય ઘણા ધર્મોનો પણ સંશોધનના ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધન દ્વારા એ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આગામી ૪૦ વર્ષમાં કયા દેશમાં કયા પ્રકારની ધાર્મિક વસ્તી સૌથી વધુ હોઈ શકે છે. પ્યુ રિસર્ચ સેન્ટરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૨૦૫૦માં હિંદુ ધર્મને અનુસરતા લોકોની વસ્તી વૈશ્વિક વસ્તીના ૧૫ ટકા સુધી પહોંચી જશે. તે જ સમયે, ભારતમાં સૌથી વધુ વસ્તી હાલની જેમ હિંદુ ધર્મને અનુસરતા લોકોની હશે. અભ્યાસ મુજબ, ભારતમાં હિન્દુઓની વસ્તી ૨૦૫૦ સુધીમાં ૧.૨૯૭ અબજ સુધી પહોંચી શકે છે. હાલ, દેશમાં હિંદુ ધર્મના અનુયાયીઓની સૌથી વધુ સંખ્યા છે, જે કુલ વસ્તીના ૭૯ ટકાથી વધુ છે. હિંદુઓની વસ્તીના મામલે નેપાળ ભારત પછી બીજા ક્રમે છે, જ્યાં હિંદુઓની વસ્તી ૩.૮૧૨ કરોડ હશે. નેપાળની ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં લગભગ ૮૧.૩ ટકા નેપાળના લોકોએ પોતાને હિંદુ ગણાવ્યા હતા. ૨૦૦૬ પહેલા આ દેશ હિંદુ રાષ્ટ્ર હતો. ત્યાર પછી નેપાળે પોતાને ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર જાહેર કર્યુ હતું. જો કે હવે રાજકીય અને આર્થિક સંકટ વચ્ચે નેપાળમાં ધર્મ પરિવર્તનના સમાચાર મોટા પ્રમાણમાં આવવા લાગ્યા છે.

બાંગ્લાદેશ સૌથી વધુ હિંદુ વસ્તી ધરાવતો વિશ્વનો ત્રીજો દેશ હશે. બાંગ્લાદેશમાં ૨૦૧૧માં કરવામાં આવેલી વસ્તી ગણતરીના આંકડા દર્શાવે છે કે હિંદુ ધર્મ અહીંનો પહેલો લઘુમતી સમુદાય છે, જેની વસ્તી લગભગ ૮.૯૬ ટકા છે. હાલમાં, બાંગ્લાદેશ ભારત અને નેપાળ પછી વસ્તીની દ્રષ્ટિએ વિશ્વનું ત્રીજું સૌથી મોટું હિન્દુ રાષ્ટ્ર છે. પાકિસ્તાનમાં લગભગ ૫૬.૩ લાખ હિંદુઓ છે. તેથી, પાકિસ્તાન સૌથી વધુ હિંદુ વસ્તી ધરાવતો ચોથો દેશ છે. જો કે અત્યારે પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયના હિંદુઓની હાલત ખૂબ જ ખરાબ છે. પાકિસ્તાનમાંથી પણ બળજબરીથી ધર્મ પરિવર્તનના સમાચાર વિશ્વમાં આવતા રહે છે. આવી સ્થિતિમાં ભવિષ્યમાં પાકિસ્તાનમાં હિંદુઓની સ્થિતિ કેવી હશે તે કહી શકાય નહીં. અભ્યાસ મુજબ સૌથી વધુ વસ્તીના મામલે અમેરિકા પાંચમા સ્થાને હોઈ શકે છે. પ્યુ રિસર્ચ સેન્ટર અનુસાર, વર્ષ ૨૦૫૦માં અમેરિકામાં ૪૭.૮ લાખ હિંદુઓ હશે.

પ્યુ રિસર્ચ સેન્ટરે 'રિલિજિયસ લેન્ડસ્કેપ સ્ટડી' હેઠળ આ સરેરાશ ગણતરી કરી હતી, જ્યારે વર્ષ ૨૦૧૫માં અમેરિકાની હિંદુ વસ્તી ૨૨.૩ લાખ થઈ ચુકી હતી. અમેરિકા પછી ઈન્ડોનેશિયા છઠ્ઠા સ્થાને આવી શકે છે. અભ્યાસ મુજબ ઈન્ડોનેશિયામાં આગામી ૨૭ વર્ષમાં હિન્દુઓની વસ્તી વધીને ૪૧.૫ લાખ થઈ શકે છે. હાલમાં ઈન્ડોનેશિયા મુસ્લિમ બહુમતી રાષ્ટ્ર છે. અહીં હિન્દુઓ સહિત અન્ય તમામ ધર્મોની વસ્તી લઘુમતીમાં છે. આ પછી શ્રીલંકા, મલેશિયા, બ્રિટન અને કેનેડામાં હિન્દુઓની વસ્તી વધુ થઈ શકે છે. જોકે, તે ૪૦ લાખથી ૧૦ લાખની વચ્ચે હોવાનો અંદાજ છે. નવા ડેમોગ્રાફિક ટ્રેન્ડમાંથી ઘણી વસ્તુઓ ઉભરી રહી છે. ઉદાહરણ તરીકે, આગામી કેટલાક દાયકાઓમાં ખ્રિસ્તી ધર્મને અનુસરતા વસ્તીમાં ઘટાડો થશે, જ્યારે મુસ્લિમ વસ્તી ઝડપથી વધશે. આવી સ્થિતિમાં, વિશ્વમાં પહેલી વખત ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મ લગભગ સમાન ધોરણે ઉભા થશે.

**વિશેષ** માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતે પ્રાકૃતિક ખેતી કિસાન પરિસંવાદ યોજાયો

# "આંતરરાષ્ટ્રીય દીકરી દિવસ" ઉજવણી અન્વયે જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા તાલુકાનો સંયુક્ત "કિશોરી મેળો" જેતપુર ખાતે યોજાયો





"આંતરરાષ્ટ્રીય દીકરી દિવસ"ની ઉજવણી અન્વયે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી અને આઈ.સી.ડી.એસ. શાખાના ઉપક્રમે "બેટી બચાવો, બેટી પઢાઓ" યોજના તથા "પૂર્ણા યોજના" હેઠળ "સશક્ત કિશોરી સુપોષિત ગુજરાત" થીમ આધારિત રાજકોટ જિલ્લાના જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા તાલુકાનાં સંયુક્ત"કિશોરી મેળા"નું આયોજન રોટરી મીડ ટાઉન હોલ, જૂનાગઢ રોડ, જેતપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ મેળામાં કિશોરીઓને પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા વિવિધ મહિલાલક્ષી યોજનાઓ, કાયદાઓ વિશે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ સ્થળ પર કિશોરીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે માહીતગાર કરતાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, સરકારી બેંક અને પોસ્ટ ઓફીસ, શ્રમ અને રોજગાર વિભાગ, ગૃહ વિભાગ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શિક્ષણ વિભાગ,આરોગ્ય વિભાગ સહિતના જુદી જુદી કચેરીઓના સ્ટોલ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. જેમાં યોજનાકીય માહિતી તથા પેમ્પ્લેટ વિતરિત કરવામાં આવ્યા હતા. મિલેટ્સમાંથી બનાવેલી જુદી જુદી વાનગીઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે જ "બેટી બચાઓ બેટી પઢાઓ" પ્રતિજ્ઞા અને સિગ્નેચર ડ્રાઈવનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા હિમોગ્લોબીન, બી.એમ. આઈ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, એનિમિયા તપાસ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જરૂર જણાયે સારવાર તથા આર્યનની ગોળીઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. કિશોરીઓએ રાખવાની થતી આરોગ્ય વિષયક કાળજીઓ, સ્વચ્છતા, મમતા તરૂણી દિવસ તથા કિશોરીઓ અને બાળકોને લગતી વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી, નગર પાલિકા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેન તાલુકા અને નગર પાલિકાના અન્ય પદાધિકારીઓ, તાલુકાના સભ્યો, જિલ્લામહિલાઅનેબાળવિકાસઅધિકારીશ્રીઅવનિબેન દવે, આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી સાવિત્રીબેન નાથજી, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રી સીમાબેન શિંગાળા, તાલુકા વિકાસ અધિકારીશ્રી એચ.એન ભાસ્કર, સી.ડી.પી.ઓ.શ્રી પાયલબેન ઓઝા, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. કુલદીપ સાપરીયા, બાળ સુરક્ષા, સમાજ સુરક્ષા, શિક્ષણ વિભાગ, આરસેટી એસ.બી.આઈ., ૧૮૧ મહિલા અભયમ ટીમ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમેન - ઙ્ઘઉંઈઉ ની ટીમ સહિતના સંબંધિત વિભાગના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, આંગણવાડી કાર્યકરો તથા જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા તાલુકાની ૪૫૦ થી વધુ કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.






# ભારત-પાક. મેચ માટે દર્શકોને સવારે ૧૦થી એન્ટ્રી, ચુસ્ત બંદોબસ્ત

## સ્ટેડિયમમાં ૯ હજાર પોલીસકર્મી બંદોબસ્ત તૈનાત રહેશે સાથે એનએસજી, એનડીઆરએફ, આરએફએફ સહિતની ટીમો તૈનાત

। અમદાવાદ, તા.૧૩ ।

શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચને લઈને ક્રિકેટ રસીકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ શહેરમાં મેચ જોવા માટે લાખોની સંખ્યામાં આવનારા દર્શકોની સુરક્ષા અને સુવિધાને લઈને પણ તંત્ર અને પોલીસ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. દર્શકોને સવારે ૧૦ વાગ્યાથી સ્ટેડિયમમાં એન્ટ્રી આપવામાં આવશે. મેચ જોવા માટે ઘણા ફિલ્મ સ્ટાર્સ, રાજનેતાઓ અને વીઆઈપી મહેમાનો પણ આવશે. જેથી સ્ટેડિયમ સહિત શહેરભરમાં જડબેસલાક સુરક્ષા ગોઠવવામાં આવી છે.

મેચને પગલે ડીજીપી વિકાસ સહાયે ગાંધીનગરમાં પત્રકાર પરિષદ યોજી હતી.જેમાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદ શહેર અને ગુજરાત પોલીસ તરફથી તમામ વ્યવસ્થા કરી લેવામા આવી છે. કાયદો અને વ્યવસ્થાને ધ્યાને લઈને સ્ટેડિયમમાં ટ્રાફીક ટીમ અસામાજીક તત્વો પર વોચ રખાશે. અનિચ્છનીય બનાવ ન બને તે બાબતે સુરક્ષા રખાઈ છે. માત્ર સ્ટેડિયમ જ નહીં પરંતુ સ્ટેડિયમ બહાર પણ પોલીસ અધિકારીઓ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવાશે. આ મેચમાં ૯ હજાર પોલીસકર્મી બંદોબસ્ત તૈનાત રહેશે સાથે એનએસજી, એનડીઆરએફ, આરએફએફ સહિતની ટીમો વ્યવસ્થામાં જોડાઈ છે. મેચ દરમિયાન ક્રાઈમ બ્રાંચ, એટીએસની ટીમ પણ એક એક મુવમેન્ટ પર સતત નજર રાખશે. મેચ દરમિયાન ટ્રાફીક વ્યવસ્થા કરાઈ છે. તથા ટ્રાફિકને અગવડતા ન પડે તે માટે પ્રેક્ષકો મેટ્રોનો વધારે ઉપયોગ કરે તેવી વિનંતી છે.

લોકોને અસામાજીક તત્ત્વો માટે બોગસ ટીકીટની બાબતોને ધ્યાને લઈ સતર્ક કરાયા છે. બાતમીના આધારે પણ કામગીરી કરવામાં આવશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સંવેદનશિલ વિસ્તારોમાં વોચ રાખવા જણાવાયું છે. વિજય સરઘસની પરવાનગી સ્થાનિક પોલીસ નક્કી કરશે. આવતીકાલે મેચ રાત્રે ૧૦ કે ૧૦:૩૦ કલાકે પૂર્ણ થવાની હોવાથી આવતીકાલે રાત્રે ૮ વાગ્યા પછી પોલીસ એલર્ટ થઈ જશે. એટલું જ નહીં રાજ્યમાં તમામ પોલીસકર્મી અને એસઆરપીને સતર્ક રખાશે. આ ઉપરાંત અનધિકૃત ડ્રોનના ઉપયોગને ટાળવા માટે એન્ટી ગન ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવશે. એન્ટી ગન ડ્રોન ૨ કિ.મી.માં ઉડતા અનધિકૃત ડ્રોનની ઓળખ કરી શકે છે.

રથયાત્રા બાદ હવે સ્ટેડિયમમાં પોલીસ દ્વારા એન્ટી ગન ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. શહેરમાં ૪ આઈજી-ડીઆઈજી, ૨૧ ડીસીપી, ૪૭ એસીપી બંદોબસ્તમાં જોડાશે. આ ઉપરાંત ૧૩૧ પીઆઈ, ૩૬૯ પીએસઆઈ સહિત ૭ હજાર જેટલા પ ોલીસકર્મી તૈનાત રહેશે. સાથે જ આવતીકાલે ૪ હજારથી વધુ હોમગાર્ડના જવાનો પણ સુરક્ષામાં જોડાશે. મોદી સ્ટેડિયમમાં ૨ હજાર જેટલા સીસીટીવીથી બાજ નજર રાખવામાં આવશે. આ ઉપ રાંત આવતીકાલે ૧ હજાર બોડીવોર્ન કેમેરાથી પોલીસ જવાન સજ્જ રહેશે. સ્ટેડિયમ ખાતે બીડીડીએસ વિથ સ્નિફર ડોગ ટીમ દ્વારા ચેકિંગ કરવામાં આવશે.

## પ્રી-મેચ શોમાં અરિજિત, સુખવિંદર, શંકર રંગ જમાવશે

આગામી ૧૪ ઓક્ટોબરના વર્લ્ડ કપ ૨૦૨૩ માં ભારત અને પાકિસ્તાનની વચ્ચે જોરદાર રસાકસી ભરી મેચ રમાવા જઈ રહી છે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. મેચ પહેલા બોલીવુડના સુપરસ્ટાર સિંગર્સ ધમાલ મચાવવાના છે. અરિજીત સિંહથી લઈને શંકર મહાદેવન, સુખવિંદર સિંહ પોતાના જોશીલા અવાજમાં સ્ટેડિયમ ગજવશે. બીસીસીઆઈએ પોતાના અધિકૃત એક્સ (એક્સ) એકાઉન્ટ પર તેની જાણકારી આપી છે. બીસીસીઆઈએ એક્સ પર સિંગર્સના પરફોર્મન્સ વિશે જાણકારી આપી છે. અરિજીત સિંહ વિશે જાણકારી આપતા બીસીસીઆઈએ એક્સ પર લખ્યું હતું કે, એક ખાસ પરફોર્મન્સ સાથે બહુપ્રતીક્ષીત **#INDvPAK** નો મુકાબલો શરુ થશે.

## પાકિસ્તાન સામે રમવા શુભમન ગિલ ૯૯ ટકા ફિટ છે : રોહિત

વર્લ્ડકપ-૨૦૨૩ના મહાકુંભ હેઠળની ૧૨મી મેચમાં આવતીકાલે ૧૪મી ઓક્ટોબરે ભારત-પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો થવાનો છે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે, ત્યારે આજે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં તેણે શુભમન ગિલની હેલ્થ અંગે મોટું અપડેટ આપ્યું છે. રોહિત શર્માએ કહ્યું કે, શુભમન ગીલ પાકિસ્તાન વિરુદ્ધ રમવા માટે ૯૯ ટકા ફિટ છે. મેચ અગાઉ ટીમ ઈન્ડિયા માટે યુવા ઓપનર શુભમન ગિલની ફિટનેસ મોટી ચિંતાનો વિષય બન્યો હતો. ટુર્નામેન્ટ શરૂ થયા પહેલા જ ગિલ ડેન્ગ્યૂમાં સપ ડાયો હતો. જોકે પાકિસ્તાન વિરુદ્ધના મુકાબલા પહેલા ટીમ ઈન્ડિયાને મોટી રાહત મલી છે, કારણ કે આ ગિલ આ મેચમાં રમવા માટે સંપૂર્ણ તૈયાર છે.

### ન્યૂઝ બ્રિફ

## મેચ જોવા આવતા મહેમાનો માટે કેમ્પર વાનની સુવિધા

। અમદાવાદ, તા.૧૩ ।

૧૪ ઓક્ટોબરે અમદાવાદમાં વર્લ્ડ કપની ભારત-પાકિસ્તાન મેચ યોજાવાની છે. ભારત-પાકિસ્તાનના હાઈવોલ્ટેજ મુકાબલાને લઈને અમદાવાદની મોટાભાગની હોટલો મહિનાઓ પહેલા જ બૂક થઈ ગઈ છે. મેચને લઈને હોટલોના ભાડામાં પણ તોતિંગ વધારો થયો છે. ત્યારે ખાનગી કંપનીએ હોટલનું ભાડું બચાવવા નવો કિમિયો અપનાવી કેમ્પર વાન તૈયાર કરી છે. ભારત-પાકિસ્તાન મેચ જોવા આવનાર મહેમાનો માટે અમદાવાદની હોટેલ્સ પહેલેથી બૂક થઈ ગઈ છે. ત્યારે હવે પ્રવાસીઓને રહેવાની સમસ્યા ઊભી ન થાય તે માટે કંપનીએ કોમ્પિટિશન થકી તેમના કસ્ટમરને કેમ્પર વાન ઓફર કરી છે. હાઈટેક અને જરૂરી તમામ સુવિધાઓથી સજ્જ એવી આ કેમ્પર વાનમાં ૪ લોકો રહી શકે તેવી વ્યવસ્થા છે. આ કેમ્પર વાનમાં ડબલ બેડ, સોફા કમ બેડ, વોશરૂમ, ટીવી અને એસીની સુવિધા છે.

## INDvsPAK મેચને લઇ વડોદરામાં વિજય સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ

। વડોદરા, તા.૧૩ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આવતીકાલે રમાનારી ભારત-પ ાકિસ્તાન વચ્ચેની વર્લ્ડ કપની મેચને લઈને વડોદરા પોલીસ કમિશનર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. વડોદરા શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે શહેરમાં વિજય સરઘસો પર પ્રતિબંધ લગાવ્યો છે. આ સાથે જ ભારત-પાકિસ્તાનની મેચ દરમિયાન શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચને લઈને વડોદરા શહેરના કેટલાક વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. શહેરના ચાર દરવાજા વિસ્તારમાં અર્ધ લશ્કરી દળ બંદોબસ્ત માટે ગોઠવાશે. જ્યારે શહેરના મુખ્ય રાજમાર્ગો પર પોલીસ દ્વારા બેરીકેડિંગ કરી નાકાબંધી કરાશે.



ભરતભાઈ એ. પંડ્યા, દિવડા કોલોની

**નાના રાજનપુર શાળા મા કાનુની શિબિર યોજાઇ :** કડાણા તાલુકાની નાના રાજનપુર શાળામાં કડાણા તાલુકા સેવા સમિતિ અંતગેત પોકસો અને સરકારી કાયદાઓની સમજ આપી બાળકોને માહિતગાર કરવામાં આવેલ ડો. એચ.એ. જોષીએ સદર માહિતી ઘરઘર પહોંચે અને સૌને લાભ લેવા અનુરોધ કર્યો હતો. શાળાના શિક્ષકોએ પણ હાજર રહી કાયેક્રમને સફળ બનાવ્યો હતો.

## ભારત પાકિસ્તાન મેચને લઇ ક્રિકેટ રસિયાઓમાં અનેરો ઉત્સાહ

। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલે ભારત-પાકિસ્તાન વચ્ચે હાઈ વોલ્ટેજ મેચ રમાવા જઈ રહી છે. ભારત પાકિસ્તાન વચ્ચે રમાનારી વર્લ્ડ કપની મેચમાં દર્શકોને સવારે ૧૦ વાગ્યાથી સ્ટેડિયમમાં એન્ટ્રી આપવામાં આવશે. આવતીકાલે લાખોની સંખ્યામાં દર્શકો સ્ટેડિયમમાં મેચ જોવા માટે આવશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચને જોવા માટે ઘણા ફિલ્મ સ્ટાર્સ, રાજનેતાઓ અનેમહેમાનો પણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આવશે. જેથી સ્ટેડિયમ સહિત શહેરભરમાં જડબેસલાક સુરક્ષા ગોઠવવામાં આવી છે. ભારત અને પાકિસ્તાનની મેચને લઈને સુરક્ષાને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પોલીસ દ્વારા ગ્રાન્ડ રિહર્સલ કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પોલીસે રિહર્સલ કરીને સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું છે. ભારત-પાકિસ્તાનની મેચને લઈને નરેન્દ્ર મોદી સ્ટેન્ડિયમમાં ટીથર ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. ટીથર ડ્રોન ૩ કિ.મી.ના વિસ્તારનું મોનિટરિંગ કરવામાં સક્ષમ છે.

### ગુજરાતમાં મોતના બનાવમાં સતત વધારો

## વડોદરામાં હાર્ટ એટેકથી યુવકનું તો રાજકોટમાં ડેન્ગ્યુથી વિદ્યાર્થીનું મૃત્યુ

। અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાતમાં હાર્ટ એટેકથી મોતના બનાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલે સુરત અને રાજકોટમાં એક-એક વ્યક્તિના હાર્ટ એટેકથી મોત થયા બાદ આજે વધુ એક યુવકના હૃદય રોગના હુમલાથી મોત થયું છે. વડોદરામાં એક યુવકનું હાર્ટ એટેકથી અવસાન થયું છે, જ્યારે રાજકોટમાં ડેન્ગ્યુના કારણે એક યુવકનું મૃત્યુ થયું છે. મળતી માહિતી અનુસાર, વડોદરાના કારેલીબાગમાં રહેતા અને વડાપાંઉની લારી ચલાવતા ૨૬ વર્ષીય અજય જાદવ નામના યુવકને ગઈકાલે રાત્રે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જે બાદ યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હોસ્પિટલમાં હાજર તબીબ દ્વારા અજયને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ અંગેની જાણ પરિવારજનોને થતાં પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ૨૬ વર્ષીય યુવકનું અકાળે અવસાન થતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ અંગે મૃતકના મિત્રએ જણાવ્યું કે, અજય જાદવને બુધવારે રાત્રે છાતીમાં દુખાવો થયો હતો. જેથી એસીડીટી થઈ હોવાનું માની તેણે આઈસ્ક્રીમ ખાધો હતો, જે બાદ ગુરુવારે ફરીથી છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને ઉલટી થતાં તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. હોસ્પિટલમાં તબીબે મૃત જાહેર કર્યો હતો. તો બીજી બાજુ આજે રાજકોટમાં ડેન્ગ્યુના કારણે વિદ્યાર્થીનું અવસાન થયું છે. આર.કે યુનિવર્સિટીમા MBAનો અભ્યાસ કરતા રપ્પુકુમાર નામના વિદ્યાર્થીને ડેન્ગ્યુ થઈ ગયો હતો. જે બાદ વિદ્યાર્થીને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું.

ડેન્ગ્યુના કારણે વિદ્યાર્થીનું અવસાન થતાં અન્ય વિદ્યાર્થીઓએ કોલેજ અને હોસ્પિટલના સંચાલક પર ગંભીર આક્ષેપો કર્યા છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, હોસ્ટેલમાં ગંદકીના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ રપ્પુકુમાર નામના વિદ્યાર્થીને ડેન્ગ્યુ થયો હોવા છતાં રજા ન આપી હોવાનો આરોપ લગાવ્યો છે. તેઓએ જણાવ્યું કે, રપ્પુકુમાર બીમાર હોવા છતાં યુનિવર્સિટી મેનેજમેન્ટે હાજરી ઓછી હોવાના લીધે મેડિકલ લીવ ના આપી.

## ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૧૩ ।

ખેલૈયાઓ માટે ચિંતાજનક સમાચાર આવ્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે નવરાત્રિમાં વરસાદ વરસશે. રાજ્યના હવામાન વિભાગના મતે ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં વરસાદ વરસી શકે છે. ૧૫ ઓક્ટોબરના રોજ સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, ખેડા અને આણંદમાં છૂટ્ટા છવાયા વરસાદની આગાહી કરાઈ છે જ્યારે ૧૬ ઓક્ટોબરના રોજ સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, બનાસકાંઠા અને સાબરકાંઠામાં છૂટ્ટા છવાયા વરસાદની આગાહી કરાઈ છે. રાજ્યમાંથી ચોમાસાએ વિદાય લીધી છે અને હવે વાતાવરણ પણ સૂકું બની ગયું છે. રાજ્યમાં દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાય રહ્યા છે અને અત્યારે બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. વહેલી સવારે ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે અને બપોર થતાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે કરેલી આગાહીથી ખેલૈયાઓની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ, નવરાત્રિમાં બે દિવસ વરસાદ વિઘ્ન બનશે. ૧૫ અને ૧૬ તારીખે વરસાદ પડી શકે છે. આ આગાહીના કારણે આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા છે. તે સિવાય ખેડૂતો પણ આ આગાહીના કારણે ચિંતિત થયા છે. હાલમાં ચોમાસું પાક તૈયાર થઈ ગયો છે. તેવા સંજોગોમાં વરસાદ થાય તો ખેડૂતોના મોઠામાં આવેલો કોળીયો છીનવાઈ જશે, જેથી ખેડૂતોને દશા કફોડી બનશે.

## તહેવારો સમયે સિંગતેલના ભાવમાં ઘટાડાથી ભારે રાહત

। અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી ખાદ્યતેલનાં વધી રહેલા ભાવથી ગૃહણીઓનું બજેટ ખોરવાયુ હતું ત્યારે હવે તહેવારો નજીક આવી રહ્યા છે તે સમયે જ ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થતા ગૃહિણીઓને રાહત મળી છે. ગુજરાતમાં ખાદ્યતેલના ભાવ સતત વધતા સિંગતેલના ડબ્બાનો ભાવ રુપિયા ૩૦૦૦ હજારને પાર થયો હતો ત્યારે હવે ખાદ્યતેલના ભાવમાં આ સપ્તાહમાં ફરી એકવાર ઘટાડો થયો છે. બે દિવસ પહેલા સિંગતેલના ડબ્બાનો ભાવ રુપિયા ૨૯૩૦ હતો જેમાં ફરી એકવાર રુપિયા ૨૦નો ઘટાડો થતા નવો સિંગતેલના ડબ્બાનો નવો ભાવ રુપિયા ૨૯૧૦ થયો છે. સૌરાષ્ટ્રના યાર્ડમાં નવી મગફળીની આવકના પગલે ખાદ્યતેલના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. હજુ પણ મગફળીની યાર્ડમાં આવક ચાલુ છે ત્યારે આગામી સમયમાં પણ સિંગતેલના ભાવમાં ઘટાડો જોવા મળે તેવી શક્યતાઓ છે. છેલ્લા એક સપ્તાહથી ભાવમાં થઈ રહેલા ઘટાડાથી લોકોને રાહત મળી છે. આ પહેલા સિંગતેલમાં રુપિયા ૧૫નો ઘટાડો થયો હતો જેને પગલે સિંગતેલના ભાવ ૨૯૩૦ થયો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨